પુષ્ટિ સાહિત્ય કેન્દ્ર
C/o. સરેન્દ્ર જમનાદાસ શાહ
E/503, પુષ્પ હરીટેજ, મહાવીર નગર,
દહાણુકરવાડી, કાંદીવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૭.
Tel. : 2863 2396-9833272383
ક્રિષ્નાબેન : ૭૫૦૬૦૮૭૪૬૨

॥ श्री गोकुलेशोजयति ॥

श्री भक्ति ग्रन्थमाला 卐 ग्रन्थाङ्क १२८

ચતુર્થગૃહતિલકાયત
શ્રી કન્હૈયાલાલજી (શ્રી વિઠ્ઠલેશપ્રભુ) કૃત

૩૫૦ વચનામૃતો

સંપાદક, સંગ્રાહક, પુરાતત્ત્વશોધક
લલ્લુભાઈ છગનલાલ દેસાઈ

પ્રકાશક :—
શ્રીગિરિરાજ પુસ્તક ભંડાર
શ્રીગિરિરાજ ભૂવન, પોલીસચોકી પાસે
મણિનગર—અમદાવાદ—૮

ન્યો. ૨-૫૦ અઢી રૂપિયા

॥ શ્રી ગોકુલેશો જયતિ ॥

ચતુર્થ ગૃહાધિપતિ શ્રી. ગો. શ્રી ૧૦૮



શ્રી કન્હૈયાલાલજી મહારાજ

કપડવણજના વૈ.ને ઉપદેશાત્મક લખેલો પત્ર

॥ શ્રી ગોકુલેશો જયતિ ॥

૬. ગો. શ્રીકન્હૈયાલાલજી. રૂપાકી પરવા નહિ હે હિંડોરા ઝૂલાયકે જાયેગે.

સ્વસ્તી શ્રીમદ્ ગોસ્વામી શ્રી ૧૦૮ શ્રીકન્હૈયાલાલજી મહારાજકે આશીર્વાદ ગામ કપડવનમેં સમસ્ત પંચ તથા જેકોર ગોપાળ તથા પુરાની દામોદર સમસ્તકું અપરંચ સમાચાર જાનોગે જે છગન પંથીકે સાથ વિનતી ભેજી સો જાની ઓર રૂપાકી હમારે ગરજ નહિ હે. પરંતુ વહાં તુમ આઠ હિંડોરા તૈયાર રખીયો સો હમ શ્રી કું ઝૂલાયકે આનંદ કરકે ચલે જાયગે. ઓર તુમારે કો રૂપાકી ગરજ હોય તો સેવા કરીયો, નહિ તો હમારે કુછ ગરજ નહિ હે. યહી હમારી આજ્ઞા હે હિંડોરા મીસલતે આગે તૈયાર રાખોગે મીતી. સં. ૧૯૬૧ સાવન વદી ૨

લી. પુરાની ગોકુલકે જેજે શ્રી વાંચોગે

દા. છગન પંથીકો રણછોડ જેકોરબા ગોપાલભાઈ જે જે શ્રી વાંચોગે.

શ્રી કપડવણજના વૈષ્ણવ પ. ભ. શ્રી ચંદુલાલ શામળદાસે આ અસલ પત્ર પોતે સેવામાં ચરણસ્પર્શ માટે વર્ષોથી પધરાવી રાખેલો તે કૃપા કરી અમને પધરાવી આપ્યો છે. તેની નકલ

સમર્પણ

શ્રીભાગવત પ્રતિપદમણિવર ભાવાંશુ-
ભૂષિતામૂર્તિઃ ।
શ્રીવલ્લભાભિધાનસ્તનોતુ નિજદાસ્ય-
સૌભાગ્યમ્ ।।



શ્રીમદ્ વલ્લભકુલાવતંસ – શ્રીકન્હૈયાપ્રભુ

(શ્રી વિઠ્ઠલેશ પ્રભુ)

આપશ્રીએ મારી નાની ઉંમરમાં કપડવણજના મંદિરમાં, શ્રીના હીંડોળા ભરવાની સેવામાંની પરચારગીમાં આપે પારાવાર કૃપા કરી અદેય દાન બક્ષ્યું તેની પુનઃસ્મૃતિરૂપે તથા મારાં માતા–પિતા–માતુલ ગૃહદાદા–પરદાદા દાદીમાની અતુલિત કૃપા બળે સંપાદન કરેલો આ ગ્રંથ સાષ્ટાંગ દંડવતપૂર્વક સમર્પણ કરી કૃતાર્થ થાઉં છું.

સં. ૨૦૧૯
અસાડ સુદ ૨
રથયાત્રા

શ્રીગોકુલેશ દાસાનુદાસની ચરણરજ કિંકર
લલ્લુભાઇ છગનલાલ દેસાઇના
જય જય શ્રીગોકુલેશ

॥ શ્રી ગોકુલનાથકી જય હો ॥



તીર્થક્ષેત્ર શ્રી કપડવણજના પૂન્ય પ્રતાપે



તીર્થક્ષેત્ર શાથી:—શ્રી પુષ્ટિમાર્ગીય વૈ. માટે તો શ્રી મહાપ્રભુજીની બેઠકો, આપના સેવ્ય સ્વરૂપો બિરાજતાં હોય તે તીર્થક્ષેત્ર મનાય, એ ન્યાયે અહીંના મંદિરમાં પરમ ભગવદીય શ્રી ગુસાંઈજીના સેવક **રાજારાણી** [વાંચો વાર્તા ૧૬૧–૨૫૨ વૈષ્ણવની વાર્તામાં] ના શ્રી ઠાકોરજી શ્રી લક્ષ્મણલાલજી મહારાજે આ મંદિરમાં સં. **૧૯૧૧**ના **પોષ વદ ૪** પધરાવ્યા, ત્યારથી વળી પ. ભ. રેંડાભાઈની વાર્તા ૧૯૩ વાંચો, એ શ્રી ગુ.ના સેવક હતા ત્યારથી આ શહેર **તીર્થક્ષેત્ર** બન્યું છે.

મારી મનોભાવના

મારાં પરમ પવિત્ર માતા–પિતા–માતુલગૃહ દાદા પરદાદા–દાદીમાના ઋણની સ્મરણાંજલી.

મારાં પવિત્ર માતાની કુક્ષે [સં. ૧૯૩૮ ચૈત્ર સુદ ૩] જન્મ લેઈ એમની શીળી છાંયે પાલન–પોષણથી પાચ વર્ષનો થતાં, માતુલ ગૃહદાદા **શ્રી ગોરધનદાસ**ની છત્રછાયા નીચે કપડવણજમાં તે વખતે ધુળી નીશાળો ચાલતી. તેમાં **હાઉજી પંડ્યા**ની વિદ્યાપીઠ–શાળામાં ભણવા મૂકયો, તે વખતે નિશાળ એ વખતની હોવાથી પ્રતિદિન સવારે નાસ્તો ને જળની લોટી લેઈ દાદા નિશાળે આવી ખવડાવી જતા, સાથે સાથે મહેતાજીને ભલામણ કરતા કે "**ભાંણીયાને સારૂં ભણાવજો**" એ આશીર્વચનોના સ્વાદે ભણવાનું–લૌકિક વિદ્યા તો તેમની કૃપાથી નશીબમાં હતી તેટલી પ્રાપ્ત થઈ પણ મને કહેવા દો કે—

અલૌકિક વિદ્યા–ધર્મની વિદ્યાપીઠ કયાં !!!

કપડવણજનું મંદિર, એ મારી ધર્મની વિદ્યાપીઠ, ત્યાં દિવસમાં ૩–૪ વખત જતો, રાત્રે મારા **પરદાદા દલસુખભાઇ નારણભાઇ** પ્રજ્ઞાચક્ષુ હોવાથી તેમને મંદિરમાં ભગવદ્ વાર્તા–બેઠક કહેતા, ત્યાં લાકડી

ઝાલી સાથે લઈ જતો. એમાં મારો સ્વાર્થ હતો ! દાદાનું સુકલકડી એકવડું શરીર, અતિશય વૃદ્ધ છતાં કીર્તન વખતે કેડે પખાવજ બાંધી ઊભા ઊભા વગાડતા, કીર્તન કરતા, મને એક કીર્તન શીખવાડેલું થોડું યાદ છે.

આજનો હીંડોરો મારે અતીરે અનૂપ
ફુલનો હીંડોરો મારે અતીરે અનૂપ
અતીરે અનૂપ સોહે કુટડીનાં ફુલ
ફુલન ઝુલાઉં રે ફુલન ઝુલાઉં
મારા હૈયા કેરા હાર. આજનો.

આ હીંડોરો ગાતાં તો પોતે ઊંચા થઈ કુદવા લાગે ને મને શીખવાડે. હું તો નાનો બાળક, વળી ભાણેજ તો પૂજ્ય મનાય. દાદાની પાછળ સંતાઇ લપાઈને બેસી રહેતો, વાર્તા સાંભળતો બેઠક પુરી થયે પ્રસાદમાં મીશ્રી–સાકર વહેંચાય, દાદા કીર્તનકાર, તેમને બેવડી મળે તેથી ને હું ભાણેજ વળી નાનો બાળક તેથી મને પણ બેવડી મળે, તે હું એકલો ત્યાં જ આરોગી જતો.

એ મીશ્રીનું ગળપણના ઓડકાર હજુ પણ આજ ૮૩ **વરસે** પણ મારી પાંસળીમાં ભરાઈ રહ્યા છે.

એ ગળપણના પ્રતાપે આ પુ. પ્રકટ થાય છે.

મારી ૫૨ વર્ષની તપશ્ચર્યા

એ ધર્મની વિદ્યાપીઠ અને એ ગળપણના સ્વાદના પ્રતાપે, આજ **૫૨ વરસે ૧૨૮ જેટલાં પુસ્તકો** વૈષ્ણવોના કરકમળમાં મુકતાં મન હર્ષયુકત–પ્રફુલ્લીત થાય છે.

તે વખતે ત્યાં શ્રી મહાઓચ્છવ ખુબ ધામધૂમથી ઉજવાતો, તેમાં પણ હીંચ–હમચીમાં કીર્તન ગાતો ફરતો.

મહાઓચ્છવની કળીનો પ્રસાદ ટોપલે ટોપલ ભરી કેડ બાંધી

મારા મામા **બળદેવદાસ** કાલીદાસ વહેંચતા. હું નાનો બાળક વળી ભાણેજ તેમને મશ્કરીમાં **"બળદીયામામા"** કહેતો. હું પ્રસાદ લેવા જાઉં તો આપે નહિ, પેલું બોલું તો આપું. હું મારવાની બીકે બોલું તો ખરો બળદીયામામા કહીને નાશી જાઉં, ફરી પાછો બોલાવે એમ બે ત્રણ વખત બોલાવે ત્યારે ડબલ બે ખોબા ભરી પ્રસાદ આપે તે ત્યાં જ આરોગી જતો [આજે પણ કપડવણજ જઉં ત્યારે એ ઓટલા ઉપર બળદીયામામા કેડ બાંધી ટોપલી ભરી પ્રસાદ વહેંચે મને બોલાવીને આપે એ દૃશ્ય આજ ૮૩ વરસે પણ મને યાદ આવે છે. એ **મારી ધર્મની વિદ્યાપીઠનો પ્રતાપ.**

ભગવદ્ નામનો પ્રતાપ

મંદિરેથી ઘેર આવતાં દલાલવાડામાં એક પીપળો હતો, તેમાં નરી ભૂતાવળ ભરી રહેતી. ભૂત–પ્રેત ચુડેલ આદિ. પણ મારા મોટા દાદા કહે કે–જો ભાણીયા! શ્રી વલ્લભ, શ્રી વલ્લભ, બોલજે, આ લાકડી ખખડાવજે, શ્રી કૃષ્ણઃ શરણં મમ બોલજે, બ્હીશ નહિ. એવી રીતે ઘેર આવતા. કંઈ બ્હીક ન લાગતી [ઘણી વખત તો મેં ભૂત જોયાં છે. ભડકો થઈ જતો] રાત્રે સુતાં સુતાં ઊંઘ આવતાં સુધી આશ્રયનાં પદ સંભળાવતા, ગવડાવતા, સવારે ઉઠી શિયાળાની ઠંડીમાં શગડી લઈ બેસે મને તેલ ચોળે ને પ્રભાતીયાં ગવડાવે [જે મેં શ્રી ગોકુલેશજીના ધોળમાં છાપ્યાં છે] પછી નાહી તીલક કરી નિશાળે જતો, દાદા નાસ્તો લઇને આવીને શણગારનાં દર્શન કરી ઘેર જાય.



ધોળપદ કીર્તનોનો સંગ્રહ



કોઈ વખત કોઈ દેશી–પરદેશી વૈષ્ણવ સારાં સારાં કીર્તનો ગાય તો મારાં માતૃશ્રી મને આદેશ આપે કે, આ કીર્તન લખી લે, હું

શ્રી જશભાઇ કાકાને કેમ ભૂલાય !!

પ. ભ. શ્રી જશભાઈ મનસુખભાઈ કાકાને કેમ ભૂલું ! એમણે એ જ કીર્તનો શ્રી દયારામભાઇનાં મને ગવડાવી અર્થ સમજાવ્યો. "સૌથી સમરથ રાધાવરનો આશરો" "મ્હાતું બળીયું રે શ્રીકૃષ્ણ રાધાવરનું" આ બે કીર્તનો હજુ યાદ છે.

વળી વચ્ચે વચ્ચે મારું મૂળ વતન **ઓડ** પણ જતો. એમ કરતાં સાતમી ચોપડી કપડવણજમાં પાસ કરી. ઓડમાં તે વખતે અંગ્રેજી નિશાળ નહોતી તેથી મેં દાદાને કહ્યું, મને અંગ્રેજી ભણાવો દાદાએ ના કહી હું રોયો-રડ્યો પણ ના તે ના જ.

મોટાઓના વચનમાં પણ કંઈ તથ્ય હશે જ.

દાદા તો કહે કે, અંગ્રેજી ભણેલા નાસ્તિક થાય છે, ધર્મની નિંદા કરે છે, ધર્મમાંથી ખશી જાય છે. માટે મારે અંગ્રેજી ભણાવવોજ નથી.

આજે એ વચનો સાબીત થાય છે કેઃ—ઘણા અંગ્રેજી ભણેલા નિંદા કરે છે, કુતર્ક કરે છે. હું પણ કદાચ એમાં જોડાઈ જાત. પણ મોટાઓના વચને-વિશ્વાસે વળગ્યા તો આજે પર વર્ષના ગાળામાં ૧૨૮ જેટલાં પુ. ધર્મનાં છપાયાં તે ન થાત. એ મોટાનાં વચનોની પ્રતિતિ છે. એ માનવું રહ્યું.

આજના યુવકો-યુવતીયો વડીલોના વચનોનો સ્વીકાર કરતા-અપનાવતા ક્યારે થશે !!!

પરીખ **બાલાભાઈ દેવચંદની** શરાફની પેઢીને પણ કેમ ભૂલાય ! એ પેઢીમાં તો તે વખતે છ ચોપડે નામું લખાતું. ત્યાં થોડું પાકું નામું જાણતો થયો એમનો હું ઋણી છું.

પરીખ **કાલીદાસ હરજીવનદાસની** ચોકશીની પેઢી પણ વિસરાતી નથી ત્યાં પણ નામું, સોના ચાંદીના હીસાબો જાણતો થયો.

જોડે જ **શ્રીહાથીકંદાઈની** મીઠાઇની દુકાન તો બહુ યાદ છે. ત્યાં જઇને ઊભો રહું તો જલેબીનો ભુકો ખાવાનો મળે. ગળપણ તો બહુ ભાવે ખાવાનું તો ગમ્યું બીજું બધું ભમ્યું.

શ્રીગિરિરાજજીમાં હરજી કુંડ-સત્યતાનો પુરાવો.

એકદા મારાં માતુશ્રીએ મોટા દાદાને પૂછ્યું કે, ચિત્તની વૃત્તિ ચાં છે ? ઉત્તર મળ્યો કે, શ્રીગિરિરાજમાં હરજી કુંડ ઉપર. બન્યું પણ મજ, મારા દાદા એ વૃદ્ધ પિતાશ્રીને લઈને વ્રજયાત્રા કરવા ગયા, ત્યેક સ્થળે ખભા ઉપર બેસાડી દર્શન કરાવતા. શ્રીગિરિરાજમાં આવ્યા. માન્ય ઉપાધિ સ્વીકારી ત્યાં જ શ્રીહરિ શરણ થયા. તેમનો અગ્નિ- હ પણ શ્રીહરજી કુંડ ઉપર જ થયો.

એ ભગવદીયનાં વચનોની સત્યતા છે. આજે પણ હું જ્યારે ગિરિરાજ જઉં ત્યારે હરજી કુંડ ઉપર દાદાનું નામ સ્મરણ કરી જલી આપું છું. જેમની કૃપાથી આ પુષ્ટિમાર્ગમાં પ્રવેશ થયો ને પૂલ પ્રમાણમાં સાહિત્ય પ્રકટ કર્યું.

મારાં દાદીમા શ્રીજમનાંમાનો ગૌલોકવાસ

એમનો અંતિમ સમય નજીક આવતો જણાયાથી મેડા ઉપરથી ચે ઉતારી ચોકામાં સુવાડયાં. તેમને પ્રભુના ધામમાં લેઈ જવા માટે ગવાનના આઠ પાર્ષદો આવ્યા. ત્યારે શ્રીજમનાંમાએ મારાં માતુ- ને કહ્યું, જો જો ! પશી [નામ પરસનબા હતું] દર્શન કર, આ ઠ જણા પીળાં લુગડાં પહેરી હાથમાં ધજાઓ લેઈ મને તેડવા વ્યા છે, તે કહે છે કે, મારી સાથે ચાલો ! હું ઓટલા પર બેઠો ો મેં પણ સાંભળ્યું હતું. હું જઉં છું, પણ તું તો દર્શન કર ! શીબાને શેનાં દર્શન થાય ! અલૌકિક ચક્ષુ હોય તોને !!!

આવી આવી અનેક ભગવદીયોની કૃપા હતી. ૧ મારાં માતા- તા. ૨ મારા દાદા. ૩ પર દાદા. ૪ પુરાણી ગોરધન મામા તો કહે આ પરસાદીયો ભક્ત આવ્યો, એ બંટાગોળી મળે. ૫ મારાં દાદીમા સાદની બંટાગોળી આપે. ૬ કપડવણજના મંદિરની ભગવદ મંડળી. મુખ્યાજી રતનલાલ મામા. ૮ વૈકુંઠ પુરાણી. આમ આઠે બાજુથી પુષ્ટિભક્તિથી રસાયો-રંગાયો, પોષાયો-ગુંથાયેલો આજે હું ૮૩ સે આપની સમક્ષ હાજર ઊભો છું.

પહેલાં કપડવણજમાં મંદિર નહોતું, ત્યારે પ. ભ. શ્રી રેંડાભાઈ ગોકુળથી આવી વસ્યા. તેમને ત્યાં મંદિર કર્યું. ત્યારબાદ સં. ૧૬૪૬ શ્રીગોકુલેશજી પધાર્યા ત્યારે મારા દાદાને ત્યાં મંદિર થયું. ગામના વૈ. અહીં દર્શન કરવા આવતા મેં જોયા છે. પુરાણીના શ્રીઠાકોરજી પધાર્યા. પોરબંદર ને મારા દાદાના શ્રીઠાકોરજી પધાર્યા મંદિરમાં સં. ૧૯૪૬માં.

ઉપસંહાર

આવાં પુ. છપાવવામાં મારું બળ ન હતું, કેવળ શ્રીહરિ ગુરુ ને વૈષ્ણવોની કૃપાબળે એકલે હાથે જ કોઈનો પણ આશ્રય કે આર્થિક મદદ–પૈસા લીધા વિના જ કાર્ય કર્યું છે. કોઈ વૈ. પૈસા આપે તેને તેટલી કીંમતનાં પુ. આપી દેવાં, પણ ખીસામાં પૈસા મૂકવાનું પાપ વહોર્યું નથી. તેથી તો હાથ કાળો થાય! ધર્મ લજાય. વૈષ્ણવતા વગોવાય. નિંદા થાય, માનમરતબો ઘટે.

આફ્રિકા ગયો ત્યાં પણ ખોટ જ આવી, કારણ પૈસા લેવાનું પાપ વહોર્યું નહોતું માટે. પણ ફક્ત એક જ આશ્રય :—

“ મોહે બળ હે દોઉઠોરકો ”
“ એક બળ મોહે હરિભકતનકો
“ દુજો નંદકીશોરકો

એ ન્યાયે જ આટલું કામ કરી શક્યો. મારું કોઈ સાધન નથી, મારું બળ નથી. પ્રભુ કૃપાથી રાચી રહ્યો છું.

અંતમાં

આ પુ.ના વાચનથી વાચકવૃન્દમાં વૈષ્ણવતા વધે, ભકિતભાવના વધે, ધર્મ ઉપર દઢતા થાય, તો મારી લેખીની–મારો શ્રમ સફળ થયો માની રાચીશ, આનન્દીત થઈશ.

“ बलीयसी केवलम् ईश्वरइच्छा.”

સં ૨૦૧૯
રથયાત્રા

લી. શ્રીગોકુલેશદાસાનુદાસનો ચરણરજ દાસ
લલ્લુભાઈ છગનલાલ દેસાઈના
જયજય શ્રીગોકુલેશ

એક સ્મરણાંજલિ

૫. ભ. શ્રી ગોકુલેશગુણાનુરાગી મુરબ્બી **મામાશ્રી બળદેવદાસ**
ોરધનદાસ કપડવણજ બી. એ. એલ. એલ. બી. વકીલ
ન્મ સં. ૧૯૪૬ વૈશાખ સુદ ૧૪   ગો. વાસ સં. ૧૯૬૨ જેઠ સુદ ૨
નૃસિંહ જયન્તી

આપના ગૃહે નિવાસ કરી, આપનાં માતા પિતા દાદા દાદીમાની ાળી છાંયે ઉછર્યો, પાળી પોષી મોટા કર્યો, લૌકિક વિદ્યા મેળવી, લૌકિક ધર્મની વિદ્યા મેળવી, આપની કૃપાદષ્ટિથી આપની આશીષ ળવી, અને પુષ્ટિભક્તિની વૃદ્ધિનો માર્ગ દર્શાવ્યો.

"એક બળ મોહે હરિદર્શનકો, દુજો નંદકીશોરકો."

એ ન્યાયે ઉત્તમોત્તમ ગ્રંથો પ્રકટ કર્યા એ આપની કૃપાનું મોઘશસ્ત્ર છે.

(દાદાના મતે અંગ્રેજી ભણેલા નાસ્તિક થાય છે એવું આપનામાં ચું નથી.)

આપે વકીલ સુધીની ડીગ્રી પ્રાપ્ત કરી, પણ ધર્મમાં અડગ રહ્યા .. જનસેવા, લોકસેવા માટે મ્યુ.માં જઈ પ્રજાની સેવા બજાવી હતી મજ વળી શ્રી કપડવણજના મંદિરની કમીટીમાં, તેમજ શ્રી ગોકુળના દિરની કમીટીમાં રહીને પણ સંપ્રદાય સેવા બજાવી છે.

વળી શ્રી પુરૂષોત્તમ સહસ્રના પાઠ કરતાં મંદિરની પરિક્રમા કરતા ણ દર્શન કર્યાં છે.

અંગ્રેજી ભણેલા ધર્મથી ખસી જાય છે, એ સુત્રને આપે ફગાવી યું હતું. આપનું ઋણ અદા કરવાનો પ્રસંગ પ્રાપ્ત થતાં આવા ગોથી આકર્ષાઈ આ લઘુગ્રંથ આપને અર્પણ કરી કૃતાર્થ થાઉં છું.

. ૨૦૧૯ આષાઢ
પૂર્ણિમા

લી. આપનો દાસાનુદાસ ઋણીપુત્ર
લલ્લુભાઈના જય જય શ્રીગોકુલેશ

શ્રીમદ્ વલ્લભાચાર્ય પ્રકટિત પુષ્ટિભક્તિ માર્ગ માટે

જાણીતા સાક્ષર શ્રીસર પ્રભાશંકર પટણી શું કહે છે.

સમર્થ ધર્મ પ્રચારક—પુષ્ટિમાર્ગ પ્રવર્તક—શ્રીમદ્ વલ્લભાચાર્યે ભક્તિભાવનો જે પ્રબળ પ્રવાહ વહેવરાવેલો તેની અસર આખા હિન્દુસ્તાનમાં ચોમેર રેલી રહી હતી. ભક્તિરસનો પ્રવાહ તો વહ્યો જ જાય છે. પણ જેવું જેનું ભક્તહૃદય હોય ને દૈવીજીવન હોય, તે જ એ રસ પ્રવાહ ઝીલી શકે છે. આર્યાવર્તની પવિત્ર ભૂમિમાં ભક્તિરસનો પ્રવાહ વહ્યો જ જાય છે.

આભારદર્શન

શ્રી ગો. શ્રી ૧૦૮ શ્રી કન્હૈયાલાલજી મહારાજ ચતુર્થ ગ્રહ તિલકાયત પ્રતિપાદિત ૩૫૦ વચનામૃતો અલૌકિક દૃષ્ટિ ભાવના સિદ્ધાંતોથી ભર ભર અને બીજા કૃપાપાત્ર વૈષ્ણવો ઉપર અતુલિત કૃપા કરવા યોજના કરી આપે લખાવેલા.

આ પુ. ગત જ્યેષ્ઠ માસમાં મારી દૃષ્ટિગોચર થયું તે વખતે પુનઃ છપાવવા ઇચ્છા **થઈ** સામાન્ય માર્ગદર્શન ૧ શ્રી **ચીમનલાલ** ડો. કપડવંજનાએ બતાવ્યું. એમનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

ત્યારબાદ અમદાવાદ આવી પ્રકટ કરવાની માત્ર વિચારણા જ થતી હતી તેવામાં—

૨ શ્રી ગોકુલેશ ગુણાનુરાગી, પરમ ભગવદીય **શેઠશ્રી ઓચ્છવલાલ ગોરધનદાસ રે. આતરસુબાનાં** દર્શન થયાં. મિલન થયું. વધુ વાતચીતમાં આપે આ પુ.ની ૨૫૦ નકલો લેવાનું તેની ન્યો.ના રૂા. ૫૦૦) પણ આપીશું એમ કહી મને ઉત્સાહિત કર્યો કે તરત જ પ્રકાશન શરૂ કર્યું.

આજે આ ગ્રંથ પ્રકટ થાય છે તે એમની કૃપાને જ આભારી છે. એમ કહેવામાં હું અતિશયોક્તિ નથી કરતો.

એમની ઉત્કંઠા, એમના હૃદયોગાર એમની દૈવી સંપત્તિ આ ગ્રંથ ારા વૈ.ની સેવામાં અંગીકાર થશે એ ભાવનાના મૂર્ત સ્વરૂપે આ ંથ આપ વૈ.ની સેવામાં રજુ કરવા ભાગ્યશાળી થાઉં છું.

એમની સાંપ્રદાયિક સાહિત્ય પ્રચારની સેવા, અમૂલ્ય છે. શ્રી શુદ્ધા ૈત સંસદને ૩–૪ પુ. છપાવવા માટે આપે ઉદાર હાથ લંબાવ્યો છે–ોટી રકમ આપી છે.

[સંપ્રદાયમાં ધનના ઢગલા તો સડી જાય છે. અન્યત્ર ખર્ચાય છે, પણ સાંપ્રદાયિક ગ્રંથ પ્રચારમાં તો ઉપયોગ થતો નથી એ શોચ-ીય છે.]

[આ વાતમાં જૈનભાઇઓને હું ખરા અંતઃકરણથી અભિનંદન આપું છું.]

એમની આ સેવા માટે હું તો આભાર માનું પણ તેના કરતાં આ ગ્રંથના વાંચક વૈ. ભાઇઓ અતિશય આભાર માની કૃતાર્થ થશે. ો મારો આ શ્રમ સફળ થયો માની આનંદિત થઈશ.

૩. આ પુસ્તકની અસલ નકલ મેળવવા માટે ઘણો પ્રયત્ન કર્યો યારે આખરે એક નકલ શ્રી ગોકુલવાસી ૫. ભ. શ્રી પરસોતમભાઈ ડાગામવાળાએ અમને મોકલી આપી આભારી કર્યા છે.

૪. બીજી એક નકલ ૫. ભ. શ્રી મધુકાન્તાબહેન બળદેવદાસ કીલનાં પુત્રીએ મુંબઇથી મોકલી આભારી કર્યા છે. જેથી આ પુસ્તક છપાવવા સરલતા થઈ.

૫. શ્રી કન્હૈયાપ્રભુના હસ્તાક્ષર મેળવવાની તમન્ના જાગી, પણ ક્યાંથી મળે. ૫૦ વર્ષ વીતી ગયાં બહુ ઠેકાણે ફર્યો, ખર્ચ કર્યો, પણ હતાશ થઇ પત્તો ન લાગ્યો. તેમ તેમ ઉત્કંઠા વધતી ગઈ, પ્રભુ દયાળ છે.

ભક્ત મનોરથ પૂરકાય નમઃ

કપડવણજના મંદિરમાં બેઠો હતો, બીજા વૈ. સાથે વાત કરી પૂછતો હતો, ત્યાં જ તે વખતે બેઠેલા વૈ. શ્રી ચંદુલાલ શામળદાસ

કપડવણજનાએ સાંભળ્યું તેમણે કહ્યું તમારે શ્રી કન્હૈયાપ્રભુના હસ્તાક્ષર જોઈએ છે ને! મારી પાસે છે કાલે ૧૧ વાગે લઈને આવીશ તે પ્રમાણે તેઓ પધરાવી લાવી મને આપી ગયા. જે આ ગ્રંથમાં અન્યત્ર છપાવ્યું છે. દર્શન કરો. એ ભગવદીયને પણ કેમ ભુલાય!!!

એમનો તો હું ઋણી છું.

વળી સૌથી પ્રથમ આ પુસ્તકના સંગ્રાહક શ્રી ચંદુલાલ સેવક, તથા છપાવી વૈ.ની સેવામાં રજુ કરનાર પ. ભ. દાણી મથુરભાઈ કાળીદાસ તથા પ. ભ. ત્રીકમલાલ ચુનીલાલ ઘીયા, જેમણે પુસ્તક છપાવી વૈ.ને ખૂબ આનંદ કરાવ્યો એ ભગવદીયોનો તો સંપ્રદાય ઉપર મોટો ઉપકાર છે. એમણે જો આ પુસ્તક ન છપાવ્યું હોત તો આ અમૂલ્ય રત્ન ગુપ્ત જ રહી જાત. એમની સેવા ઉત્તમ છે. એમનો મોટો આભાર માનું છું.

લી. શ્રીગોકુલેશ દાસાનુદાસ
લલ્લુભાઈ છગનલાલ દેસાઇના
જે જે શ્રીગોકુલેશ

माला—तिलकना तारणहार—चतुर्थकुमार

श्रीगोकुलनाथजी



ताताङ्घ्रैकपरः पराशयविदां पर्यः परानन्द दो ।
मालायेनसुरक्षिता निजमहायत्नेन कण्ठे सतां ॥
धर्मोयेन विवधितः पितृपदाचार प्रचारेः सदा ।
स श्रीगोकुलनायकः करुणयाभूयांद्दृशो सेवितामू ॥ १ ॥
[श्रीहरिरायचरण]

શ્રી ગોકુલનાથજીનું સ્વરૂપ.

પરમ કૃપાલ કહો. દીન દયાળ કહો, રૂક્મણી લાલ કહો, શ્રીવલ્લભ નામ હે.
શ્રી વિટ્ઠલનંદ કહો, આનંદ કો કંદ કહો, ગોકુલ કો ચંદ કહો,

મન આઠો જામ હે.
પાર્વતિ પતિ કહો, ભક્તન મન રતિ કહો, કામ દઢ ગતિ કહો,
પૂરન જુ કામ હે.
સુંદરી શૃંગાર કહો, વનિતા વિહાર કહો, નયન અભિરામ હે.

॥ श्रीगोकुलेशोजयति ॥

ચતુર્થગ્રહ તિલકાયત **શ્રી કન્હૈયાપ્રભુની** અમાનુષીક, અલૌકિક–લીલા–ચમત્કાર–પ્રતાપ–અનુભવોનાં ફુલડાંની ફોરમની ફરફર.

આપનું પ્રાકટ્ય શ્રીમદ્ ગોકુલમાં શ્રીકૃષ્ણ કન્હૈયાનું પ્રાકટ્ય થયુ જન્માષ્ટમીના દિવસે તે જ દિવસે સં. ૧૯૨૫ શ્રાવણ વદ ૮, મધ્યરાત્રી, શ્રીરમણ પ્રભુને ત્યાં, શ્રીરાણિ વહુજીની કુખે પ્રકટ્યા. એટલે એ તો સાક્ષાત્ ગોકુળનો કન્હૈયો જ હતો.

આ પુષ્ટિભકિત માર્ગના સ્થાપક શ્રીવલ્લભાધીશ જે " वस्तुतः कृष्णएव " શ્રીકૃષ્ણ પ્રકટ્યા છે. તેવી જ રીતે શ્રીગુસાંઈજી પણ શ્રીનંદનંદન—શ્રીગિરિરાજધરણ પ્રભુ પોતે જ પ્રકટ્યા હતા. પ. ભ. શ્રી ગોપાળદાસજી–વલ્લભાખ્યાનમાં વદે છે કે :—

" વંદુ શ્રી વિઠ્ઠલવરસુંદર, નવઘનશ્યામતમાલ "
જગતીતલ ઉદ્ધાર કરવા, પ્રકટ્યા પરમ દયાલ.
" પૂર્ણ બ્રહ્મ શ્રીલક્ષ્મણસુત, પુરુષોત્તમ શ્રીવિઠ્ઠલનાથ "
તે પુરુષોત્તમ પ્રકટશે શ્રીવિઠ્ઠલરૂપનિધાન.

તેવી જ રીતે શ્રી નાગજીભાઈ આદિ ભકતોએ પણ શ્રી પૂર્ણ પુરુષોત્તમ સ્વરૂપે નિહાળ્યા છે. [વાંચો ૨૫૨ વૈ. વાર્તા.]

તેવી જ રીતે શ્રીગોકુલેશ પ્રભુને પણ—

" તાતતણો પ્રતિબીંબ રે રસના "

નિજ સૃષ્ટિ શ્રી કૃષ્ણ સ્વરૂપે પણ માને છે. તેવી જ રીતે " શ્રી કન્હૈયા પ્રભુ–શ્રી વિઠ્ઠલેશ પ્રભુ "ના સ્વરૂપ નૈષ્ટિક ભકતો પણ અનન્યભાવે ભજે છે–નિહાળે છે–અવલોકે છે–આનંદે છે.

હિંદુત્વના રક્ષણહાર 卐 માળા તિલકના તારણહાર 卐

।। શ્રીચતુર્થ ગૃહાધિપતિ ।।

શ્રી ગો. શ્રી ૧૦૮ શ્રી ગોકુલનાથજી



અડેલ પ્રા. સં. ૧૬૦૮ માર્ગશીર્ષ ૭ આપશ્રીની આ બેઠક ઉપર જગદ્ગુરુ
શ્રી મદ્વલ્લભાચાર્યજીની વિજય પતાકા આજે પણ ફરહરી રહી છે.

નિત્યલીલા પ્રવેશ, શ્રીગોકુલ સં. ૧૬૯૭ માઘ કૃષ્ણ ૯ સ્થિતિ વર્ષ ૮૯-૨-૧૭

નમામિ શ્રીપતિંદેવં વલ્લભં વલ્લભાત્મજં
યઃકરોતિ સદારણ્યે મંગલં જન વર્જિતે ૧
માયાવાદિ ચિદ્રુપાદિ પ્રતિબંધ નિવારકઃ
દર્પહા દુર્મદાંધાનાં પાયઃણ્ડો ભક્તમૂષણઃ ૨

॥ શ્રીગોકુલનાથજીના શ્રીહસ્તાક્ષર ॥



सं १६ सै ३५ आखाढ सुदि षष्टि गुरुवार लिखितं श्रीगोकुलना
ठ्ठलेश्वरपुत्र श्रीवल्लभाचार्यपौत्र वाराणसिक प्रोहित गन्निपाध्या
कोटिय वाराणसिमे जायी सो इनको मानै॥ ।

૧ સં ૧૬ સે ૩૫ અષાડ સુદી શષ્ટિ ગુરુવાર લિખીતં ગોકુલનાથ
૨ શ્રી વિઠ્ઠલેશ્વર પુત્ર શ્રી વલ્લભાચાર્ય પૌત્ર વારાણાસિક પ્રોહિત ગન્નિપાધ્યાયજી
૩ કોટિ વારાણુસિય જાયી સો ઇનકો માનૈ.

ચતુર્થ ગૃહ તિલકાયત

।। શ્રીલક્ષ્મણલાલજી મહારાજ ।।



પ્રા. સં. ૧૮૬૪ શ્રાવણ શુકલ ૧૦

આપશ્રીએ કપડવંજ (ગુજરાત)માં શ્રી દશાપોરવાડ વણિક જ્ઞાતિની લાડવા વાડીમાં શ્રીઠાકોરજી પધરાવી મંદિર સિદ્ધ કર્યું. સં. ૧૯૧૧ તથા દેવગઢ બારિયામાં મંદિર કર્યું. સં. ૧૯૧૦

નિત્યલીલા પ્રવેશ સં. ૧૯૧૧ શ્રાવણ વદી ૩૦

ચતુર્થ ગૃહતિલકાયત
રાસરસિક-રસેશ પ્રભુ શ્રીમદ્ ગો. શ્રી ૧૦૮

શ્રી કન્હૈયાલાલજી મહારાજ

શ્રીગોકુળ



પ્રા. શ્રીમથુરાજી, સં. ૧૯૨૫ શ્રાવણ કૃષ્ણ ૮ જન્માષ્ટમી મધ્યરાત્રી
ગોદ પધાર્યા, શ્રીગોકુળ સં. ૧૯૨૬ કારતક વદ ૧૧
નિત્યલીલા પ્રવેશ, સં. ૧૯૬૮ ફાગણ વદ ૧૪ રવિવાર
સ્થિતિ વર્ષ ૪૨-૭-૬

ચતુર્થ ગૃહાધિપતિ શ્રી ગો. શ્રી ૧૦૮

શ્રી કન્હૈયાલાલજી મહારાજના હસ્તાક્ષર



શ્રી કપડવણજના વૈ. પ. ભ. શ્રી ચંદુલાલ શામળદાસે આ પત્ર પોતે સેવામાં હરનીશ દર્શન ચરણસ્પર્શ માટે વર્ષોથી પધરાવી રાખેલા તેમણે કૃપા કરી આ અલૌકિક નિધિ અમને પધરાવી આપી છે.

ચતુર્થ પંચમગૃહ તિલકાયત શ્રી ગોકુલેશ-શ્રી ગોકુલચન્દ્ર સેવાપરાયણ

શ્રીમદ્ ગો. શ્રી ૧૦૮

શ્રી વલ્લભલાલજી મહારાજ



પ્રા. સં. કામવન, સં. ૧૯૪૮ અસાડ સુદ ૩ સોમવાર. ગોદ પધાર્યા.
શ્રી ગોકુળ, સં. ૧૯૬૮ બીજા અસાડ સુદ ૯ સોમવાર.

શ્રી પંચમગૃહ તિલકાયત શ્રી ગો. શ્રી ૧૦૮

શ્રી ગોવિંદલાલજી મહારાજ-કામવન



પ્રા. કારતક સુદ ૧૩ બુધવાર

શ્રીગોકુલેશગુણાનુરાગી, શ્રી કન્હૈયા પ્રભુના કૃપાપાત્ર

પરીખ બળદેવદાસ ગોરધનદાસ, કપડવણજ

બી. એ. એલએલબી. વકીલ

જન્મ સં. ૧૯૪૬ વૈશાક સુદ ૪ ગો.વાસ સં. ૨૦૧૮ જેઠ સુદ ૨

એ કન્હૈયા પ્રભુએ મથુરામાં માત્ર ૩ માસ ૩ દિવસ શ્રી રમણ પ્રભુને શ્રી રાણિવહુજીને પુત્ર તરીકેનો આનંદ આપ્યા બાદ, શ્રીલક્ષ્મણલાલજીનાં વહુજી શ્રી ચંદ્રાવલી વહુજીએ સં. ૧૯૨૬ કારતક વદ ૧૧ ગોદ લીધા અને મથુરામાંથી જેમ શ્રી વસુદેવજી કોયલા ઘાટથી ગોકુલ પધરાવી લાવ્યા હતા તે જ રસ્તે તેવી જ રીતે રાત્રે ગુપ્ત રીતે પધરાવી લાવ્યા. આપે વિચાર્યું કે, આ સાક્ષાત્ કન્હૈયો જ છે. મારી ગાદી શોભાવશે–નિજ સૃષ્ટિને અલૌકિક આનંદ આપશે.

એ " રસોવૈસઃ " સ્વરૂપ છે. એ જ મારી ગાદીને યોગ્ય છે. એમ માની પધરાવી લાવ્યા.

જ્યાં કોયલા ઘાટથી ઉતર્યા, ને શ્રી વલ્લભ ઘાટ આવ્યો, ત્યાં તો પોતાની શ્રી ગોકુળની હદમાં ચરણારવિંદ ધર્યાં એટલે શ્રી ચંદ્રાવલીમાજી મહારાજે બહુ જ ચતુરાઈથી નિડરપણે પ્રથમથી જ ગોઠવણ કરી રાખેલી તે પ્રમાણે, શ્રી વલ્લભ ઘાટથી સંપૂર્ણ સવારી–વરઘોડો–સામૈયું જે કહો તે, અહીંથી જ સવારીની તૈયારીમાં ૪ રથ, ૭ બગીઓ, ૧૯ બેલગાડીઓ, ૨૦ ઘોડા અને કેટલોક વૈષ્ણવસમાજ સાથે ખૂબ ધામધૂમથી નિજમંદિરમાં પધરાવી, ગાદી ઉપર બિરાજ્યા ને ગાદીપતિ તરીકેની વિધિવત્ ક્રિયા કરી તિલક કર્યું–અને મોટા મંડપો બંધાવ્યા, નિશાનડંકો વગડાવી જાહેર કર્યું કે, આ અમારા ગાદીપતિ છે. પછી તો ૧૫ દિવસ સુધી અનેક મનોરથો કર્યા, આનંદમહોત્સવ કર્યા. અનેક પ્રકારની ભેટ–પહેરામણી કરી પારાવાર આનંદ કર્યો.

ત્યારથી જ—

શ્રીચતુર્થગ્રહાધિપતિ શ્રીકન્હૈયાલાલજી મહારાજકી જય.

જય જય એમ ઘોષણા થઈ. સં. ૧૯૨૬ કારતક વ. ૧૧ **સોમવાર. એમ એ ચતુર્થ ગ્રહતિલકાયત ગણાયા–મનાયા.**

શ્રી ચંદ્રાવલીમાજી મહારાજે આપનું બીજું નામ " શ્રીવિઠ્ઠલેશ પ્રભુ " રાખ્યું હતું. તેથી એતન્માર્ગમાં એ બેઉ નામથી વૈષ્ણવો સંબોધે છે–ભજે છે. માને છે.

આપના સ્વરૂપ માટેનાં કેટલાક ભાવાત્મક શબ્દ પ્રમાણ—

૧. શ્રીકૃષ્ણનું પ્રાકટ્ય મથુરા. જન્માષ્ટમી મધ્યરાત્રિ રોહિણી નક્ષત્ર હતું તેવું જ આ કન્હૈયા પ્રભુનું પ્રાકટ્ય હતું.

૨. જેમ શ્રીકૃષ્ણ ભગવાનને ગોકુળ પધરાવવા આજ્ઞા કરેલી તેમ આ કન્હૈયા પ્રભુએ પણ માતાપિતાને કહેલું કે "**હમ શ્રીગોકુલ પધારેંગે**" ને થયું પણ તેમજ.

૩. જેમ શ્રીકૃષ્ણને પધરાવી ગયા તેમ શ્રી રમણ પ્રભુએ શ્રીરાણિવહુજીએ શ્રી ચંદ્રાવલીમાજીને પણ પધરાવી આપ્યા.

૪. એટલે આવાં અનેક કારણોથી એ સાક્ષાત્ શ્રીગોકુલનો કન્હૈયો જ હતો. એ તો નિર્વિવાદ સત્ય છે.

૫. વળી આપે નિજસૃષ્ટિમાં બચપણથી જ કન્હૈયા જેવી લીલા કરી બતાવી હતી, તેથી જ આ એ જ શ્રીગોકુલનો કન્હૈયો જ હતો.

એ વિશે આ પુસ્તકમાં અનેક ઠેકાણે આપને વાંચવા મળશે. ી ચંદ્રાવલીમાજી મહારાજને શ્રીયશોદાજી વત્ બાળલીલાનાં અનેક વખતે ર્શનો આપી કન્હૈયાનું માહાત્મ્ય બતાવ્યું હતું.

કંકુનાં પગલાં—ચરણારવિંદનાં દર્શન

એક વખત આપે કંઈક અડપલું કર્યું, તેથી શ્રીમાજી મહારાજ ીજાયાં, લડવા દોડયાં. આગળ પોતે દોડે, જ્યાં જ્યાં દોડે ત્યાં ત્યાં કંકુનાં ગલાં પડે, એવાં દર્શન વૈ.ને, વ્રજવાસીઓને, શ્રીમાજી મહારાજને પણ યાં. પોતે ગોદમાં પધરાવી ચુંબન કર્યું.

પ્રથમ પરદેશ

સં. ૧૯૨૯માં મહા વદી ૬ શ્રીગોકુલથી વિજય કરી ગુજરાતમાં ચમહાલના પરદેશ પધાર્યા. નિજ સૃષ્ટિના જીવોને બાળલીલાનાં દર્શન ાવી આનંદ કરાવ્યો.

ઉપવીત અને વિદ્યાભ્યાસ

પાંચ વરસ થતાં સં. ૧૯૩૦ ચૈત્ર વદ ૨, શાસ્ત્રોકત વિધિપૂર્વક વીત આપવામાં આવ્યું. અને રામચંદ્ર પંડિત પાસે વિદ્યાભ્યાસ

શરૂ કરાવ્યો. સંસ્કૃતમાં વ્યાકરણ, ન્યાય, ઉપનિષદો તથા વ્રજભાષા, સંગીતનો પણ ખૂબ અભ્યાસ કર્યો. તે જ સાલમાં ૧૯૩૦ના ચૈત્ર વદી ૮ શ્રીમાજી મહારાજે છપ્પન ભોગનો મોટો મનોરથ કર્યો. તેમાં દેશ પરદેશથી વૈ.નો મોટો સમુહ એકત્ર થયો. તેમાં ખૂબ આનંદ આવ્યો. આ આનંદનું મૂળ આ બાળસ્વરૂપ શ્રીગોકુળનો કન્હૈયો જ હતો.

વિવાહ ઉત્સવ–લગ્નવિધિ

પાંચ વરસકો કુંવર કન્હૈયો, સાત વરસ રાધાગોરી

શ્રી યશોદાનો લાલો પાંચ વરસનો હતો ત્યારે શ્રી વૃષભાનુનંદિની રાધાજી સાત વરસનાં હતાં એવી રીતે આ કન્હૈયો પાંચ વરસનો હતો, ત્યારે **ચંદોસીના** ભટ્ટજીનાં પુત્રી શ્રી રાધાજી સાત વરસનાં હતાં, તેમની સાથે સં. ૧૯૩૦ના જેઠ સુદ ૧૦ પ્રથમ લગ્ન થયાં. પછી ભાદરવા માસમાં યુગલ સ્વરૂપ સાથે વ્રજચોરાશીકોશ પરિક્રમાની યાત્રા કરી. યાત્રામાં એક વખત સખત વરસાદ પડયો પણ આપે હાથ ઊંચો કરી વરસાદ અટકાવ્યો.

એવી જ રીતે ગુજરાતના એક ગામમાં કળશનો વરઘોડો ચઢેલો તે વખતે પણ વરસાદને અટકાવ્યો. પોતે વરસાદને આજ્ઞા કરી જેથી ચારેબાજુ વરસાદ પડે પણ જ્યાં જ્યાં કળશનો રસ્તો હતો ત્યાં બુંદ ના પડયું એવો પ્રતાપ જણાવ્યો જેથી એ મનોરથમાં અનિર્વચનીય આનંદ આવ્યો. આવા ચમત્કારો આપે બાળલીલાના અનેક બતાવ્યા છે.

બીજી વખત પરદેશ

સં. ૧૯૩૩ના પોષ વદી ૧ શ્રી ગોકુળથી વિજય કરી ગુજરાત પધાર્યા. વાડાસીનોર વીરપુર આદિ ઘણાં ગામોએ થઈ જેઠ સુદ ૧૫ સ્નાનયાત્રા ઉપર ગોકુળ પધાર્યા.

સં. ૧૯૩૪માં પોતે એકલા જ શ્રી માજી મહારાજ સિવાય પરદેશ પધાર્યા. ગોધરા કાલોલ થઈ જેઠ વદ ૨નો વિવાહ ઉત્સવ ડભોઈમાં કર્યો. ત્યાંથી અનેક ગામોએ થઈ અસાડ વદ ૧૪ કપડવણજ પધાર્યા જન્માષ્ટમી કરી, ગોધરા, દાહોદ ઈંદોર થઈ આસો વદ ૩ શ્રીગોકુળ પધાર્યા.

ત્રીજી વખતનો પરદેશ

સં. ૧૯૩૫ના પોસ સુદ ૧૦ રવાના થઈ ફાગણ વ. ૬ લુણાવાડા પધાર્યા. એક મહીનો બિરાજ્યા. ત્યાંથી વીરપુર લીમડી થઈ વૈશાખ વદ ૦)). બાકોર પાનવાડા પધાર્યા. ત્યાં જેઠ સુદ ૬ મંદિરમાં વેદોક્ત વિધિપૂર્વક શ્રી ઠાકોરજી પધરાવી પ્રતિષ્ઠા કરી. ત્યાંથી આગળ બીજા ગામોએ થઈ અસાડ સુદ ૩ પ્રાંતીજ રથયાત્રા કરી. અસાડ સુદ ૧૧ મોડાસા પધાર્યા એક માસ બિરાજી વૈ.ને સેવાવિધિ શીખવાડી.

વાડાસીનોર પધારી શ્રી લક્ષ્મણલાલજીનો ઉત્સવ શ્રાવણ સુદ ૧૦ કર્યો. વૈ.ને દર્શન ગુણગાન સંગીત વગેરે આનંદ કરાવી આસો વદ ૫ શ્રી ગોકુળ પધાર્યા.

દ્વિતીય લગ્ન

સં. ૧૯૪૦ શ્રી રાધાવહુજીએ લીલા પ્રવેશ કર્યો. તેથી મંદસોરના એક ભટ્ટની પુત્રી શોભાલક્ષ્મીજી સાથે જેઠ વદી ૯ લગ્ન થયું લગભગ આઠ વર્ષ ગયાં છતાં કંઈ બાળક ન થવાથી સં. ૧૯૪૮ અસાડ સુદ ૭ પન્નાલાલ ભટની પુત્રી શ્રીકમલાવતીજી સાથે ત્રીજું લગ્ન શ્રીગોકુળમાં જ શ્રી દ્વારકાધીશના મંદિરમાં થયું.

આ ત્રીજા શ્રીવહુજીથી એક લાલજીને ત્રણ બેટીજી થયાં પણ તે બધાં જ નિત્યલીલામાં પધાર્યાં. શ્રી કન્હૈયાલાલજીના પરિવારમાં હાલ કોઈ જ નથી.

સંગીતકલા સાગર

આપ સંગીતકલામાં નિપુણ હતા. અનેક પ્રકારનાં વાજીંત્રો તંતુ વાદ્ય, નાદવાદ્યનો મોટો સંગ્રહ આપ રાખતા. તેટલો જ શોખ સાંપ્રદાયિક ગ્રંથ વાચનનો પણ હતો. શ્રી સુબોધિનીજીના તો સાગર હતા. સેવાનાં અનવસરમાં ગ્રંથવાચન તથા સંગીતમાં વખત ગાળતા સારંગીથી પોતે સ્વપ્રભુને રીઝવતા. અનેક કીર્તનોથી ભગવદ્ રસનું ગાન કરતા.

સારંગી વાદ્ય પ્રિયાય નમઃ

એવું શ્રી ગોકુળનાથજીનું નામ છે. તેવું જ આપને સારંગી,

દીલરૂબા વાદ્યો બહુ પ્રિય હતાં. સંગીતની રમઝટ ચાલતી હોય, રાસાદિલીલા થતી હોય. સંગીતના શોખીનો–ગવૈયાઓની સાથે સંગીત ચાલતું હોય તેવા વખતે આપે આહાર–નિદ્રાનો સદંતર ત્યાગ કર્યો છે. ઘણો વખત તો સંગીતમાં આખી રાત્રી પસાર થઈ જતી.

આપના સેવકોને સવિનય વિનતી

આપે વ્રજભાષાનાં ઘણાં નવીન કાવ્યોની રચના કરી છે, એમ જાણ્યું છે. સાંભળ્યું છે. પણ એ બધું સાહિત્ય અપ્રકટિત રહ્યું છે તેનું કારણ શું ? આપને નિત્યલીલા પ્રવેશને ૫૦ વર્ષ થઈ ગયાં છે પણ આપના સેવકો હજુ વિદ્યમાન છે તથા આપને પ્રાણાધિક માનનારા વૈ. બિરાજે છે. તે બધાએ એકત્ર થઈ એ સાહિત્ય પ્રકટ કરી વૈ.ને આનંદ આપવો એ કાર્ય આવશ્યક ને જરૂરી છે. આપના સેવકો આ માટે ક્યારે વિચારશે ! ! !

વૈષ્ણવો એ કાવ્ય સાહિત્ય ક્યારે સંભાળશે !

મુસાફરીમાં આપ પુસ્તકની પેટીઓ ને પેટીઓ સાથે રાખતા. નવીન કીર્તનો પણ રચતા. એવું આ વચનામૃતોમાં આપે આજ્ઞા કરી છે, તો એ બધું સાહિત્ય ગયું ક્યાં ? પ્રતિવર્ષ આપ વૈ. ઉત્સવો ઉજવો છો. તો તે સાથે આવા કીર્તનોની શોધ કરી એકત્ર કરી પ્રકટ કરો એ ખાસ જરૂરતું છે.

શ્રી મથુરાંના બાળકોની સંગીત પ્રિયતા

અમે જોયું છે, સાંભળ્યું પણ છે, દર્શન પણ કર્યાં છે. શ્રીબાલકૃષ્ણલાલજી, શ્રીગોપાળલાલજી, શ્રીજીવણલાલજી સંગીતમાં અજોડ હતા ભલભલા ગાયકો–ગાયિકાઓને પણ હરાવી દીધાં છે. શ્રીમધુસુદનલાલજી શ્રીગિરધરલાલજી પણ અપૂર્વ સંગીતજ્ઞાતા શ્રીવ્રજપાલલાલજી તો **હારમોનિયમ** પેટીના તો **રાજા** ગણાતા. શ્રીદ્વારકેશલાલજી પોરબંદર પેટી માટે પ્રખ્યાત. એમના લાલજી શ્રીરસિકલાલજી પણ, કાંકરોલી શ્રી વ્રજભૂષણલાલજી અમદાવાદ શ્રીનટવરગોપાળ એ બધા તો જાણે સંગીત સાગર કે સંગીતભ્રમર ગણાતા મનાતા.

એઓશ્રીનાં બનાવેલાં કાવ્યોનો સંગ્રહ પ્રકટ કરવો જરૂરી છે. આવાં રસિલાં સાહિત્યનું અલૌકિક આસ્વાદન—ભગવદ્ ભકતોને કયારે મળશે, એ બધો વિચાર કરવો એ વૈ. તેમજ વાચકોને શીરે છે.

દક્ષિણના પ્રદેશની યાત્રા

સં. ૧૯૫૦ના પોસ માસમાં દક્ષિણ પધાર્યા. પુના—સતારા થઈ મ્હાડબંદર, જ્યાં આપના સેવકો વસે છે ત્યાં પધાર્યા ને વૈ.ને દર્શન વચનામૃતોનું પાન કરાવી ત્યાં મંદિરની સ્થાપના કરી. વૈ.ને સેવા કરવાનો આદેશ આપ્યો. ગોરાગામ થઈ મુંબાઈ થઈ શ્રીગોકુળ પધાર્યા.

પછી ફરીથી આપે પુનાથી પ્રવાસ ખેડ્યો, સોલાપુર, હૈદ્રાબાદ, મદ્રાસ, કોચીન, મદુરા, અલ્પઈ, લક્ષ્મણબાલાજી, ત્રીવેન્દ્રમ પનાનૃસિંહજી, જનાર્દન, પદ્મનાભ આદિ દક્ષિણની તમામ બેઠકો—પદ્મનાભ અહીં શ્રીમત્સ્યાવતાર થયો મનાય છે.

તોતાદ્રિ ત્રાવણકોર જ્યાં શ્રી રામાનુજસંપ્રદાયની ગાદી છે. અને શ્રી મહાપ્રભુજીની બેઠક પણ છે. ત્યાં પધાર્યા. રંગજી થઈ દક્ષિણ દ્વારકા પધાર્યા, ત્યાં સંતાન ગોપાલજીનું સ્થાન છે. અહિંનું માહાત્મ્ય છે કે, અહીં ભેટ ધરવાથી વંઝા સ્ત્રીને સંતાન પ્રાપ્ત થાય છે તેથી સંતાન ગોપાલજી નામ પડ્યું છે. મદ્રાસ થઈ હૈદ્રાબાદ થઈ સોલાપુર થઈ પંઢરપુર પધાર્યા ત્યાં બેઠકે સેવા કરી મુંબઈ પધાર્યા.

“વાડસોલ નાનું ગામડિયું, શા માટે નાવો શ્યામ!!”

આપે વાડાસીનોરને છોટું ગોકુળ બિરદાવ્યું છે. સં. ૧૯૫૬માં ૈ.ની વિનતીથી મુંબઈથી સીધા વાડાસીનોર પધાર્યા. ચાતુર્માસ પવિત્રા એકાદશી, જન્માષ્ટમી જેવા ઉત્સવો ઉજવ્યા તેથી આજુબાજુથી અસંખ્ય ાં. પ્રેમ આતુરતા ભર્યા દર્શનાર્થે ટોળેટોળાં ઉતરી પડયાં.

“શ્રી કન્હૈયા પ્રભુની સૃષ્ટિ એટલે ગાંડી ગુજરાત” કહેતા.

આ વખતનું વાડાસીનોર જાણે વ્રજમાં ગોકુળની ગલીઓમાં વૈ. ાં પ્રેમીભકતોનાં દર્શનથી પ્રેમભર્યા ઉત્સાહથી આનંદમાં તરબોળ થઈ યાં વાડાસીનોરની ગલીઓ ગલીઓ [illegible]

ચઢી, અર્થાત્ વાડાસીનોર ધન્ય ધન્ય થઈ ગયુ.

તીર્થક્ષેત્ર ડાકોરમાં શરદોત્સવ

વાડાસીનોરથી દેહમાઈ, કપડવણજ, આતરસુંબા, ખડાલ થઈ ડાકોર પધાર્યા. અહીં આસો સુદ ૧૫ શરદોત્સવ ઉજવ્યો. આપ હાથી પર બિરાજી ગોદમાં શ્રીનું છોટું સ્વરૂપ પધરાવ્યું. વરઘોડો ઉતર્યો. મુખ્યાજીએ શ્રીનીઆજ્ઞા લેઈ શ્રીરણછોડજીને શેન કરાવ્યાં.

શ્રીરણછોડરાયજીની પુષ્ટિમાર્ગીય સેવાની રીતિ

પૃથ્વી પરિક્રમા કરતાં શ્રી મહાપ્રભુજી અહીં પધાર્યા, સેવકોએ કહ્યું સ્વરૂપ તથા મંદિર આપને અર્પણ કરીએ. શ્રી મહાપ્રભુજી કહે અમારે ના જોઈએ. ગુજરાતના ગાળામાં આ શ્રીમર્યાદા પુરુષોત્તમ બિરાજો છો. ને આનંદ આપશો. પણ તમે આ સ્વરૂપની સેવા અમારા પુષ્ટિમાર્ગની રીતિ મુજબ કરજો. વર્ષના ઉત્સવો, પ્રતિદિનની સેવા, શૃંગાર વસ્ત્ર સામગ્રી વગેરે પ્રકાર તેમને બતાવ્યો અને આજ્ઞા કરી કે, અમારા વંશના બાળકો આવે તો તેમની આજ્ઞા લઈ સેવા કરજો. **ત્યારથી આજ સુધી આ પ્રકારે સેવા ચાલે છે.**

હાલના મંદિરમાં શ્રીહરિરાયજીએ શ્રીરણછોડરાયને પાટ પધરાવ્યા છે. ગોમતી તળાવના સામે કિનારે શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજીની શ્રી હરિરાયજીની બેઠકો છે. અહીં પ. ભ. શ્રીઇચ્છારામ ભટ્ટજી રહેતા, તેમને શ્રીમહાપ્રભુજી સાનુભાવ હતા અને શ્રીરણછોડજી પણ સાનુભાવ હતા.

શ્રી રણછોડજીને પ્રતિદિન આ * શ્રી ભટ્ટજી તરફથી રાજભોગની

---

* આ શ્રી ભટ્ટજી મહારાજ **નાપાના** દીશાવાળ બ્રાહ્મણ હતા. પેટલાદમાં તેમની યજમાનવૃત્તિ હતી તેથી તેઓ ત્યાં જ રહેતા. વિશુદ્ધ પુષ્ટિમાર્ગાનુયાયી વિદ્વાન પંડિત હતા. તેમણે શ્રી અણુભાષ્ય ગ્રન્થ પર પ્રદિપ નામની ટીકા લખી છે, શ્રીરણછોડજી ઉપર ને શ્રીમહાપ્રભુજી બેઠક ઉપર પૂર્ણ આસક્તિ હોવાથી તે ડાકોરમાં જ રહેતા. પ. ભ. ભક્ત કવિ શ્રી દયારામભાઈ ઉપર એમણે જ કૃપા વરસાવી હતી. ડાકોરમાં [illegible]

સામગ્રી આરોગાવાય છે તે માટે તેમણે હમેશના માટે સુયોગ્ય પ્રબંધ કર્યો છે.

શ્રી કન્હૈયા પ્રભુ ડાકોરથી ભરૂચ થઇ ગોકુળ પધાર્યા, ત્યાંથી શ્રી ગિરિરાજજી પધારી શ્રી ગોવર્ધન પૂજા કરી, શ્રીનાથજીને અન્નકુટ આરોગાવ્યો. સં. ૧૯૫૯ કારતક સુદ ૧. પછી ગોકુલ પધારી કારતક વદ ૧૧નો જન્મદિન મહોત્સવ તથા મહાઓચ્છવ ત્યાં જ ઉજવ્યો.

સ. ૧૯૫૯ના વસંતમાં પરદેશ

શ્રી ગોકુલથી બારીઆ, ગોધરા સેવાલીયા થઈ વાડાસીનોર પધાર્યા વીરપુર થઈ બાકોર પાનવાડા લક્ષ્મીચંદને ત્યાં રંગપંચમીનો ઉત્સવ કર્યો. લુણાવાડા પધારી ડોલ ઉત્સવ કરી પુનઃ વીરપુર પધારી, કદમખંડીમાં મનોરથ કર્યો. ત્યાં શ્રીગોકુલેશજી પધાર્યાની બેઠક છે. ત્યાં ચોતરો કરવા આજ્ઞા કરી ચોતરો તો થયો છે, પણ બેઠકનો સેવા ક્રમ ચાલુ નથી પ્રતિવર્ષ ત્યાંના વૈ. એક બે ઉત્સવ ત્યાં ઉજવે છે.

સુંથરામપુર પધાર્યા માલવણવાળા ગુલાબચંદ દેસાઈ પધરાવી ગયા, ત્યાં મંદિર નહોતું તેથી મંદિરની સ્થાપના કરી. શ્રી બાલકૃષ્ણ સ્વરૂપ પધરાવી સેવાનો ક્રમ ચાલુ કર્યો. મોડાસા થઈ વાડાસીનોર થઇ હાલોલ પધાર્યા. ત્યાં રાસાદિ અનેક લીલાનાં દર્શન કરાવી વૈ.ને પ્રસન્ન કર્યા પછી આપે વિજય કર્યો, ત્યારે વૈ.એ બહુ કલેશ–કલ્પાંત કરી રડવા માંડ્યું, કે એ દર્શન એ આનંદનું સુખ સ્વપ્ન થઇ ગયું. આપે વૈ.ની વિરહ દશા જોઈ ભાગોળેથી પાછા પધાર્યા, આઠ દિવસ બિરાજી વૈ.ની પ્રસન્નતા મેળવી મુંબઇ પધાર્યા. સં. ૧૯૫૭ની રથયાત્રા ત્યાં કરી.

ચીંચણ–તારાપુર, ઉમરગામ પ. ભ. શેઠશ્રી હરિદાસબાપાને ત્યાં પધાર્યા, અને આજુબાજુના ગામડાના વૈષ્ણવને શરણ લઈ, પાછા શ્રી

ચાલે છે. એ સ્થાનમાં જ પોતે સ્વતઃ સિદ્ધ સદેહે પ્રભુના ધામમાં પધાર્યા હતા. તેમના અંતિમ સ્થાનનું ભોંયરૂ પણ ત્યાં જ છે. પોતે હીંચકા ઉપર વધુ બિરાજતા હોવાથી એ ભોંયરામા એક હીંચકો પણ છે. અમે એના દર્શન કર્યાં છે. (લ૦ છ૦ દે૦)

ગોકુલ જન્માષ્ટમી કરી પાછા મુંબઈ પધારી અન્નકુટ ઉત્સવ ત્યાં જ કર્યો. પછી કારતક વદ ૧૧ જન્મદિવસ ઘાટકોપરમાં ઉજવ્યો ને મહાઓચ્છવ મુંબઈમાં ઉજવ્યો. ઘણા વૈ.ને પ્રસાદ લેવડાવ્યો.

આપ વરાડના પરદેશમાં નાના મોટા ગામોએ વૈ.ને આનંદ કરાવ્યો. પછી ચંપારણ્ય પધાર્યા. ત્રણ દિવસ બિરાજી ઉત્સવ ઊજવ્યો. વૈ.ને પોતાના હસ્તથી જ પ્રસાદ પીરસ્યો. તેમાં અલૌકિક આનંદ આવ્યો પછી વરાડનાં ગામો થઈ મુંબઈ થઇ ગોકુળ પધાર્યા. સં. ૧૯૬૧નો અન્નકુટ ઉત્સવ તથા જન્મદિવસ શ્રી ગિરિરાજજીમાં જ ઉજવ્યો.

પછી દીલ્હી પધાર્યા. મુંબઇ થઈ સ્ટીમરમાં કરાંચી નગરઠઠ્ઠા પધાર્યા. અને જન્માષ્ટમી ગોકુલમાં કરી. સં. ૧૯૬૨ના કારતક વદી ૧૧ જન્મદિવસ મહાડમાં ઉજવ્યો. ત્યાં નવા મંદિરમાં શ્રી ઠાકોરજી પધરાવ્યા. પછી મુંબઈ થઈ વાડાસીનોર સ્નાનયાત્રા કરી. પોતે સોનાની ગાગર લેઇ જળ ભરી લાવ્યા. ઉત્સવ ઉજવી રથયાત્રા કરી. મેનપુરામાં મણિભાઇને ત્યાં હીંડોળા ઝૂલ્યા. જન્માષ્ટમી ઉપર શ્રીગોકુળ થઈ ગિરિરાજ અન્નકુટ કર્યો જન્મદિવસ ઊજવી ગોકુલ પધાર્યા.

લખનૌ તરફ પ્રયાણ

સં. ૧૯૬૩ માગશરમાં લખનૌ અયોધ્યા પ્રયાગ થઈ અડેલ પધાર્યા. ત્યાં શ્રી મહાપ્રભુજી શ્રી ગુસાંઇજી શ્રી ગોકુલનાથજીની બેઠકો છે. ત્યાં બિરાજી સેવાનું સુખ લીધું ને વૈ.ને આનંદ કરાવ્યો. શ્રી ગોકુળ આવી ભાદરવા માસમાં વ્રજયાત્રા પરિક્રમા કરી.

સિંધમાં પુનઃપ્રયાણ

સં. ૧૯૬૪ના શ્રાવણમાં સિંધમાં કરાંચી શીકારપુર, ભાવલપુર મુલતાન પધાર્યા, ત્યાં વૈ.ને શરણે લઈ વિજયાદશમીનો ઉત્સવ કરી વ્રજમાં પધારી અન્નકુટ તથા જન્મદિવસ ગિરિરાજમાં ઉજવ્યો.

સ. ૧૯૬૫માં પરદેશગમન

ગોકુળથી વિજય કરી બીકાનેર, જોધપુર, મારવાડ થઈ કપડવણજ પધારી પવિત્રા એકાદશી દ્વાદશીનો આનંદ વૈ.ને આપી જન્માષ્ટમી

ારીયા કરી, ગોકુળ–ગિરિરાજ અન્નકુટ કર્યો.

સ. ૧૯૬૬માં મહા ઉત્સવ કરી દાહોદ પધાર્યા. ત્યાં વૈ.ને રાસ-ીલાનાં દર્શન કરાવી આનંદમગ્ન કર્યા. એક દિવસે આપ પલનામાં લ્યા તે વખતે માતા જશોદાને ત્યાં "છોટાસો કન્હૈયો" પલનામાં ઝુલે ા, તેવાં દર્શન કરાવી બાળલીલાનું સુખ આપ્યું.

દાહોદમાં–ગોધરાના કલેકટર શ્રી. પોલન સાહેબ

કલેકટરનો મુકામ ગોધરાથી દાહોદ આવ્યો. તેણે આ કન્હૈયા ભુનું વૃતાંત સાંભળી મહારાજ પાસે આવી ફુલનો હાર પહેરાવ્યો, ાપે એ હાર તળાવમાં પધરાવી દીધો તેથી કલેકટરે હાર પાછો ાગ્યો. આપે તળાવમાં હાથ નાખી ૮–૧૦ હાર કાઢી બતાવ્યા, કહ્યું તમારો હાર જે હોય તે સંભાળી લ્યો. આ દશ્ય જોઇને કલેકટર તો ગ્ધ જ બની ગયો, એ લોકોએ આવા ચમત્કારીક પ્રભાવ જોયેલા હે. પોતે ખુશ થઇ ગયો બે હાથ જોડી નમસ્કાર કર્યા. જતાં જતાં શન માસ્તરને મૌખીક ઓડર આપ્યો કે વૈ.ના મહારાજ આવે ત્યારે ના ટીકીટે સ્ટેશનમાં જવા દેવા.

આપ દાહોદમાં વૈ.ને સંગીતમાં એક શીખામણ આપતા. વાંચો.

ખૂબ ખાઓ ખિલાઓ ઉડાઓ મઝેસે રૂપૈયા
જો મેરા પૈસા ખાવે, વો સુધા જંગલમેં જાવે.
જબ મરોગે તબ પૈસા સંગ ન લે જાઓગે
ખાલી હાથે આયે, ઐસે ખાલી હાથે જાઓગે.

દાહોદમાં પવિત્રા એકાદશી

આપ બિરાજતા હતા ને પવિત્રા એકાદશીએ ઘણા વૈ. પવિત્રાં વા આવી ગયા, પણ આપના એક ખાસ વૈ. શેઠ ડાહ્યાભાઈ દુલભજી વ્યા નહોતા, તે સાંજના જ્યારે મંદિર આવ્યા ત્યારે આપે પૂછ્યું કેમ પવિત્રાં ધરવા આવ્યા નહોતા ? તેમણે કહ્યું, આપનાં ચિત્રજીને ઘેર પવિત્રાં ધરાવ્યાં હતાં તેથી આવ્યો નહોતો. આપે ખૂબ ઠપકો ો કે, પ્રત્યક્ષ ગુરૂ બિરાજે છે છતાં તમે ચિત્રજીને ધરાવ્યાં તે રીત નથી.

એમ સમજાવી પોતાપણું અપનાવ્યું. તે દ્વારા વૈ.ને શીખામણ આપી.

મહોદાર ચરિત્રવાન–શ્રીકન્હૈયા પ્રભુ

આપે એક વખત એક વૈ. પાસેથી રૂ. ૨૦૦૦) માગ્યા, તેણે આપ્યા તેવા જ એકગુણીજનને આપી દીધા. એક જણ આપના હસ્તમાંથી સોનાનાં કડાં કાઢતો હતો એક કડુ તો નીકળ્યું. પોતે જાગી ગયા, કહ્યું કે બીજું પણ કડુ કાઢી લે ને ઝટ જતો રહે, નાશી જા નહિ તો તું પકડાઈ જઈશ.

એક જણ ગોલખમાંથી પૈસા કાઢતો હતો, પોતે જોયો, કહ્યું કે બધા જ પૈસા લેઈને તરત જ જતો રહે. એક વખત કપડવણજમાં એક વૈ.ને ઘેર પધરામણીમાં તે બાઈએ બધો જ સ્ત્રીનો શણગાર આપને પહેરાવ્યો, પોતે પાછા ફરી મંદિરમાં આવતાં જ એ બધા દાગીના એક ગુણીજનને ઉતારી આપ્યા, એ તો મેં નજરે જોયું છે. લ.છ.દે-વાડાસીનોર એ અમારૂં છોટુંસું ગોકુળ છે.

જળવિહારમાં ગોકુળની ગોપી

વાડાસીનોરમાં એક વખત જળવિહારનો મનોરથ કર્યો. વૈ. સ્ત્રીઓ જળ ભરતી હતી. તેમાં આપ સોનાની ગાગર લેઈ ગોપીજનનો સ્વાંગ ધરી, જળ ભરવા પધાર્યા. રસ્તામાં હાવભાવ પૂર્ણ કીર્તનોની ધૂન મચાવતા.

" ગોકુળની ગોપી રે ચાલી જળ ભરવા. "

એવાં તાદૃશ દર્શન વૈ.ને કરાવ્યાં.

એ જળમાં ૫–૭ શીશા અત્તર પધરાવ્યું, પ્રભુને પધરાવી આનંદ કર્યો, પછી એ જળ છોડી દીધું. આખા ગામમાં અત્તરની મહેક ફેલાઈ ગઈ. એવો અલૌકિક આનંદ વૈ.ને કરાવ્યો.

ચમત્કારીક વૃત્તાંત

એક વખત વૈ.ના નાના બાળકો સાથે તળાવ ઉપર રમવા પધાર્યા. રમતમાં માટીના ગોળા વાળી બધાં છોકરાંઓએ તળાવમાં નાખ્યા તે ડુબી ગયા અને આપે એવા જ ગોળા નાખ્યા તે તર્યા.

મનોરથોમાં અઢળક દ્રવ્યનો ખર્ચ

આપને તે વખતે ઘણું દ્રવ્ય ભેટમાં મળતું, તે બધું જ દ્રવ્ય નાના-મોટા મનોરથો કરી ખરચી નાખતા, સંગ્રહ રાખતા જ નહિ. આથી વૈ.નું દૈવી દ્રવ્ય પ્રભુને અંગીકાર કરાવીને વૈ.ની દ્રવ્ય ઉપરની મમતા કાઢી નાંખતા. એક ગામમાં એક કુવામાં દૃષ્ટિદ્વારા જળ પ્રકટ કર્યું.

॥ अदेय दान दक्षाय नमः ॥

ભકતોને અલૌકિક દર્શન ને દાન

વ્રજમાં "૧૧ વરસ ૫૨ દિવસ સુધી લીલા કરી" વ્રજભકતોને આનંદ આપ્યો, તેમ આપે ૪૨ વરસ ૭ માસ ૭ દિવસ બિરાજી, બાળલીલા, દાનલીલા, રાસલીલા, નંદમહોત્સવ, જોગીલીલા, પનઘટલીલા, ચોખેલીલા, મહારીલાલ, લીલહારીલીલા એવી અનેક પ્રકારની લીલાઓ કરી સ્વરૂપ નૈષ્ટિક ભકતોને અદેય દાન આપી પારાવાર આનંદ કરાવી કૃતાર્થ કર્યા છે.

શ્રી બેટીજીનાં અલૌકિક દર્શન

એક વખત શ્રી રૂક્ષ્મણીલાલ બેટીજી લીલામાં પધાર્યાં, ત્યારે શ્રી માજી મહારાજે બહુ કલેશ કર્યો, એટલે પોતે શ્રીમાજી મહારાજ પાસે જઈ વિનતી કરી, આપ શા માટે કલેશ કરો છો. શ્રી બેટીજી તો શ્રી ઠાકોરજીની સેવામાં બિરાજી પંખો કરે છે-એવાં દર્શન શ્રીમાજી મહારાજને કરાવી કલેશ મુકત કર્યાં.

આવા આવા અનેક ચમત્કારો ને લીલાઓ આ પુસ્તકમાં આપ વાંચશો.

ભકતોની સેવા-ભેટ-લક્ષ્મી-અંગીકાર કરવા

આપ કોઈ વખત દ્રવ્યનો સંકોચ બતાવતા. એ તો લૌકિક હતું આપના તો ચરણમાં જ લક્ષ્મીજીનો વાસો છે.

लक्ष्मी सहस्र लीलाभिः

વાસ્તવિક સંકોચ નહોતો, પણ લોકવત્લીલા કરવા એવું બતાવતા, એવા સંકોચ દ્વારા અનેક ભકતોની સેવા અંગીકાર કરવી હતી,

તેમજ તે ભક્તોને એવા દ્રવ્યથી નિરપેક્ષ રહેવું એ બતાવવા માટે એવી લીલા કરતા હતા.

એક વખત પરદેશથી આવેલી ભેટ પોતે ખરચી નાખેલી, તેથી શ્રીમાજી મહારાજે ઠપકો દીધો, તો પોતે ગાદી નીચેથી રૂપિયાની થેલીઓ ને થેલીઓ બતાવી, તેથી માજી મહારાજ પ્રસન્ન થઈ ઠપકો આપવા માટે પસ્તાવા લાગ્યાં.

જેમ શ્રીકૃષ્ણ ભગવાન રસાત્મક, પરમતત્ત્વ, પરબ્રહ્મ–પુષ્ટિપ્રાકટ્ય છે, તેમ આ શ્રીકન્હૈયા પ્રભુ–શ્રી વિઠ્ઠલેશપ્રભુ આ ગ્રંથના ચરિત્રનાયકની ઝાંખી છે. જેને અનુભવ પ્રાપ્ત થયા છે એવા સ્વરૂપનૈષ્ટિક વૈ.ને આ સાક્ષાત કૃષ્ણ કન્હૈયો જ છે. આપે પણ મદ્રાસમાં મુંબઈમાં એ વૈ.ને ખબર કરાવી કે ગોકુળનો કન્હૈયો આવ્યો છે. વાંચો વચનામૃતોમાં

મારી દૃષ્ટિએ કહું તો–શ્રી કન્હૈયા પ્રભુમાં જે જે ભક્તોને સુદૃઢ સ્નેહપૂર્વક અનન્ય ભક્તિ હતી ને હશે, તેને પોતે વખતોવખત સ્વપ્ન દ્વારા દર્શન આપી કૃતાર્થ કર્યા છે. એવાં અનેક વૃત્તાંત અમે સાંભળ્યાં છે. ગ્રંથ વિસ્તારના ભયથી સામાન્ય રૂપરેખા પ્રકટ કરી છે. સ્વયં અંતરંગ ભક્તોને મન તો "वस्तुतः कृष्णएव" એ જ શ્રીકૃષ્ણનું પુનઃ પ્રાકટ્ય છે એ તો નિર્વિવાદ સત્ય જ છે.

૧૯૯૮ નિત્યલીલા પ્રવેશ

જન્મદિવસ શ્રીગિરિરાજમાં ઊજવી, મહાઓચ્છવ ગોકુલમાં ઊજવ્યો. આપનું અંગ નરમ થવા લાગ્યું. ફાગણ સુદ ૧૩નો આપનો પ્રિય ઉત્સવ ખૂબ ભાવાત્મક રીતે ઊજવ્યો શ્રીનાથજીની છેલ્લી સેવા કરી, કોડ પુરા કર્યા. વૈ.ને આનંદમગ્ન બનાવી દીધા. વૈ.ને આ છેલ્લાં જ દર્શન આપ્યાં. પછી તો ફાગણ વદ ૧૪ આવી **૪૨ વર્ષ ૭ માસ ૭ દિવસ** બિરાજી નિજભક્તોને આનંદસાગરમાં ઝબોળી દીધા. અને હવે પ્રભુની નિત્યલીલામાં પણ આવાજ મનોરથો–ઉત્સવો–ઉજવવા લીલામાં પધાર્યા. ગોકુળ તો શોકસાગરમાં ડુબી ગયું. સ્વરૂપ નૈષ્ટિક ભક્તોને તો પારાવાર ક્લેશ થયો હશે, જે જે ભક્તોએ નંદનો દુલારો, જશોદાનો લાલો,

વ્રજજનનો વ્હાલો. ગોકુલનો કન્હૈયો એવાં દર્શન કર્યાં હશે તેની તો વિરહદશા શું વર્ણવું !!!

મેં તો નાની ઉંમરમાં એ પ્રભુનાં દર્શન કર્યાં હતાં, સ્હેજ પરચારગી હીંડોળાની સેવા મળેલી, આપની કૃપા થયેલી, માતુલ પક્ષની કૃપા આશીષ મળેલી, ગોકુળમાં અનેક ભગવદીયોને મુખે સાંભળેલી, વાર્તાઓથી ભીંજાયેલો તે આ લીલાવિસ્તારનું વૃત્તાંત લખતાં હૃદય ભરાઈ જાય છે–કલમ ચાલતી નથી. તો કૃપાપાત્ર ભકતોની તો શું દશા થઈ હશે !!!

આપ પ્રત્યક્ષમાં તો પધાર્યા પણ મથુરામાં માતાજીને દર્શન આપ્યાં. શ્રી ગિરિરાજમાં એક વૈ ને દર્શન આપ્યાં હતાં. આપના ઘરમાં પાંચ બાળકો ને ત્રણ વહુજી થયાં છે, તેમાં પણ બાળકો કરતાં શ્રી વહુજીની સેવા પ્રભુએ ઘણાં વર્ષ સુધી અંગીકાર કરી છે.

દૈવોદ્ધાર પ્રયત્નાત્મા–શ્રી કન્હૈયા પ્રભુએ પોતાના નિજજનોને ભકતોને જ અપૂર્વ આનંદ કરાવ્યો હતો એવા એ પ્રભુને જેણે ઓળખ્યા તેના ભાગ્યનો પાર નથી. 'શ્રીમદ્ વલ્લભકુળમેં સબહી વલ્લભરૂપ' છે. એ સિદ્ધાંત ખરો છે. પણ આ કન્હૈયાએ તો વ્રજની ૧૧ વરસ ૫૨ દિવસની લીલા ૪૨ વર્ષમાં કરી બતાવી દર્શન આપી કૃતાર્થ કર્યા છે.

અંતમાં :–એ પ્રભુના કૃપાકાંક્ષી કૃપાપાત્ર ભકતજનો–આ ગ્રંથમાં આપેલાં વચનામૃતો તથા એ પ્રભુનાં પરાક્રમો દિવ્યચારિત્રોનો અભ્યાસ કરી પાન કરશે તો એ કન્હૈયાની કૃપાથી એમના ભગવદ્દભાવમાં વૃદ્ધિ થશે. જીવન કૃતાર્થ થશે. આપ સર્વ હંસવૃત્તિથી સારભૂત વસ્તુ ગ્રહણ કરશો એવી મારી નમ્ર પ્રાર્થના છે.

આ શિવાયની બીજી નવીન વસ્તુ અમને મળશે તો બીજી આવૃત્તિમાં ઉમેરો કરશું. કોઈ વૈ. પાસે હોય તો અમને મોકલવા કૃપા કરે.

સંગીતનો જલસો–આખરી વિદાયનો મજરો

આપ લીલામાં પધાર્યા. અગ્નિસંસ્કાર વખતે અનેક વાજીંત્રો સુમધુર સ્વરે, આપને પ્રિય સંગીતનો–આનંદનો મુજરો આપવા વાગવા લાગ્યાં. ઘણો વખત થઈ ગયો તેથી દેવકીનંદનજી મહારાજે વિનતી કરી,

પ્રભુ! આ લીલાનો સમય હવે નથી રહ્યો! માટે આપ આ લીલા સમેટો. પછી વાજીંત્રો બંધ થયાં.

શ્રીમદ્ ભાગવતમાં એક વચન છે કે:-

શ્રી શુકદેવજી મહારાજ કહે છે કે, આ કળિયુગમાં જે માણસ ભગવદ્ નામ લે છે, બીજાને લેવડાવે છે, તે મનુષ્ય સદ્ભાગી છે. માનવસમાજમાં મોટો કૃતાર્થ તથા ભાગ્યવાન થયો છે. હે રાજા! તું નિશ્ચય જાણજે. એ ન્યાયે મારાથી બન્યું તેટલું રજુ કરી આનંદ અનુભવું છું.

અંતમાં-આપને મારી પ્રાર્થના છે કે, આ પુસ્તક આદ્યંત વાંચી-વંચાવી ભગવદ્ભાવના વધારો તો આ મારી લેખીનીનો શ્રમ સફળ થયો છે માની આનંદ થશે.

એક ભગવદીયના હૃદયોદ્ગાર-આશીર્વચન

ત્રણેક વર્ષ ઉપર એક ભગવદીય મારે બંગલે પધાર્યા, તેમણે પૂછ્યું કે, પ. ભ. શ્રીલલ્લુભાઈ કયાં છે? છોકરાએ કહ્યું આવો, બેસો, કયાંથી આવો છો, આપનું નામ શું? તેમણે બતાવ્યું (લખવાની જરૂર નથી) પછી તમારે શું કામ છે તો કહે કે, મારે તેમનાં દર્શન કરવાં છે. દર્શન કરવા આવ્યો છું. એટલામાં તો હું આવ્યો મને પગે લાગ્યા, ચરણસ્પર્શ કર્યા.

મેં કહ્યું-ભાઈ મને અપરાધમાં શું કામ નાખો છો?

પોતે કહ્યું-આપના દર્શનથી હું આજે કૃતાર્થ થયો છું!

ભાઈ એવું તો શું છે! મેં કહ્યું.

પોતે કહ્યું-આપે સંપ્રદાયની ખૂબ સેવા કરી છે. જ્યારે કોઇપણ પુસ્તક દેખાતું નહોતું ત્યારે આપેજ કમર કસી છે.

મેં કહ્યું-કે સેવા નથી કરી, મેં તો મારા સ્વાર્થ માટે જ આ દુકાન ખોલી છે. સેવા નથી કરી. સેવા તો ત્યારે કરી કહેવાય કે, નિઃસ્વાર્થ હોય, કોઈ પણ જાતની આશા ના હોય, તેનું નામ સેવા. આ તો મારા પેટનો ખાડો પુરવાનો ઉદ્યમ-ધંધો કહેવાય.

પોતે કહ્યું–પેટ માટે તો બધા જ કરે છે, પણ આ તો તમે અમારા જેવા વૈ.ને ઉંઘમાંથી જગાડી, પુસ્તક છપાવી, ભક્તિરસનો સ્વાદ ચખાડયો છે વગેરે. એ કાઠિયાવાડી ભગવદીયે ઘણી વાતો કરી વાતે વાતે આશીર્વાદ આપતા.

પોતે પૂછ્યું–કેટલાં વરસ થયાં ?

મેં કહ્યું તમને કેટલાં માનો છો ?

બહુ તો ૫૫–૬૦ હશે.

મેં કહ્યું–ના, હજુ તો ૮૦ જ થયાં છે. અત્યારે તો (૮૩ વર્ષ છે)

પોતે કહ્યું–હવે તો ૧૦૦ પૂરાં કરો ને ખૂબ સેવા કરો. વગેરે ઘણાં આશીર્વચનો કહ્યાં.

મેં કહ્યું–આવાં પુસ્તક લખવામાં ઘણી અડચણો પડે છે, શરૂઆતમાં તો કટુ વચનો પણ એક ગામમાં સાંભળેલાં. છતાં પણ નવું સાહિત્ય ભેગું કરી લખવામાં છપાવવામાં ગામેગામ ફરીને પ્રચાર કરવામાં મને ખૂબ આનંદ થાય છે. તેથીજ આ કાર્ય છોડવાનું મનથતું નથી.

આવા તો ઘણા ઘણા ભગવદીયોના આશીર્વાદ મળ્યા છે. પણ "મોહે બળ હે દોઉઠોરકો, એક બળ મોહે હરિ ભકતનકો, દુજે નંદ કીશોરકો" એ ન્યાયે પ્રભુ પ્રેરણા કરશે ત્યાં સુધી કરીશ, જેવી પ્રભુ ઈચ્છા. પછી એ ભગવદીય સ્વસ્થાને પધાર્યા.

મારાથી બને તેટલી ગ્રંથ પ્રકાશનની ને તેનો પ્રચાર કરવાની **૫૨ વર્ષ સુધી** મહેનત કરી છે. હજુ પણ મારી તીવ્ર તમન્ના ઘણાં પુસ્તક લખવાની બાકી રહે છે. જો વૈ. બન્ધુએ પુસ્તક ખરીદી સહાય આપે તો જ બને તેમ છે. એક વૈ.એ તો શ્રદ્ધા વ્યકત કરી છે કે, તમને શ્રીમહાપ્રભુજીએ આટલી મોટી ઉંમર [હાલ ૮૩ વર્ષ] સુધી જીવાડયા છે, તે વૈ.ની સમ્પ્રદાયની પુસ્તકો દ્વારા ટહેલ કરવા માટે જ છે, અને હજુ પણ તમે વધુ કાર્ય કરી શકો તેવી શકિત તમારામાં દેખાય છે. એ ભગવત્કૃપાનું બળ છે એમ જાણજો.

લી. લલ્લુભાઈ છગનલાલ દેસાઈના જયશ્રીકૃષ્ણ.

॥ श्रीगोकुलेशजयति ॥

चतुर्थ ग्रहाधिपति–श्रीकृष्णलीलारसाविष्ट–गो.श्री १०८ श्रीकन्हैयालालजी महाराज

(શ્રી વિઠ્ઠલેશ પ્રભુ) के वचनामृत.

૧. એક સમય આપશ્રી પ્રસન્નતામેં બિરાજત હતે, તબ એક વૈષ્ણુવને વિનતી કીની જે રાજ, શ્રીમદાચાર્ય શ્રીવલ્લભાચાર્યજી ઓર શ્રીગુસાંઈજી કે સમયમેં શ્રીઠાકુરજી સાક્ષાત્ બોલતે, લીલા સહીત દર્શન, અનુભવ દેતે, ઓર યા વર્તમાન સમયમેં કાંઈ દીસત નહિ સો કૃપા કરકે સમજાઇયે. તબ આપશ્રીને આજ્ઞા કીની જે, વે સમય વેસોઈ હતો, ઓર અબ વે સમય નહિ હે, જેસે પ્રગટ અગ્નિ ઓર અબ આચ્છાદન અગ્નિ, અબ યા કાલમેં સબ ગુપ્ત હે.

૨. એક સમય શ્રીગોકુલમેં નામાધરકે ચોકમેં વૈષ્ણવ સમાજ બહુત હતો તબ વે સમય આપશ્રી શ્રીમુખે આગ્યા કીની જે, વસ્તુ માત્રકે તીન તીન સ્વરૂપ હે; શ્રીપુરૂષોત્તમસું લેકે શ્રી વ્રજભક્ત, શ્રી ગિરિરાજજી, શ્રીયમુનાજી, શ્રીવલ્લભકુલ, વૈષ્ણવો સમસ્તનકે પંચતત્વકે પ્રસંગપર કહે, વે પ્રસંગ બહોત ચલ્યો. વા સમય જે અનુભવી વૈષ્ણુવો પાસ બેઠે હતે ઇનને વે રસપાન કીયો, ઓર અપને અપને પુસ્તકમેં વે પ્રસંગ લીખ લીયો હે.

૩. એક સમય આપશ્રીએ આગ્યા કીની જે, પુષ્ટ પુષ્ટિ રસ વાર્તા પ્રસંગ વિજાતીસું ગોપ્ય રખની, કયોં જે શ્રીગોકુલેશજી આગ્યા કરત હે, યહ હમેરા પ્રમાણસું ન્યારા ભક્તિમાર્ગમેં (પ્રમેયમાર્ગમેં) શ્રીવલ્લભાચાર્યકો અનુભવ મુખ્ય હે. વે રસ અનન્ય ભક્તિ વિના ઓર જાનત નાંહિ.

૪. એક સમય આપશ્રીએ આગ્યા કીની જે, અન્ય સંબંધ કરેગો સો નરકમેં ગિરેગો, સાક્ષાત્ સ્વરૂપ સંબંધ વિના સબે અન્ય સબંધ હે, વે પતિવૃત ધર્મસું ભ્રષ્ટ હોત હે.

૫. એક સમય દક્ષિણમેં વિષ્ણુકાંચી આપશ્રી પધારે હતે, તબ વહાંકે ઠાકુર વરદરાય માહારાજકું આપશ્રીને રાજભોગ સમર્પ્યો; ભોગસરે પાછે વહાંસું પ્રસાદ આયો; સો સબનને લીયો. તબ એક સ્વરૂપ નૈષ્ટિક ભકતે વિનતી કીની જે રાજ, વે પ્રસાદ લેવેમેં મેરે મનમેં ગ્લાની આવત હે, તબ આપશ્રીએ આગ્યા કીની જે, યહાં શ્રીવલ્લભાચાર્યજીકી આગ્યા હે, યાતેં આજ્ઞા જાનકે પ્રસાદ લેવેમેં હરકત નાંહિ, ઓર એસે ભકતકું ચલાયકે યહાં આવનો નાંહિ, એસી આગ્યા કરકે વે ભકતકું આપશ્રીએ અપને હાથસું અધરામૃતકી પાતલ ધરદીની.

૬. વિષ્ણુકાંચીમેં શ્રીમહાપ્રભુજીકી બેઠક હે. વહાં આપને મુકામ કીયો હતો, વહાં શ્રીગોકુલનાથજીકો વિવાહઉત્સવ કીયો, તબ એક સંગમેં વૈષ્ણવ હતો વાને શ્રીગોકુલનાથજીકો વિવાહ ઉત્સવ જાનકે શ્રીગોકુલનાથજીકું સહેરો ધરતે પહેલે મંગલઆડ (પીયર) કંકુકી કરકે દર્શનકું આયે, તબવાકું દેખકે આપશ્રીએ આગ્યા કીની જે, શ્રીઠાકુરજીકું સહેરો ધરે પહેલે પીયરઆડ નહિ કરની, સહેરો ધરે પાછે કરની.

૭. એક સમય વિષ્ણુકાંચીમે પ્રસંગોપાત બાત ચલી તબ આગ્યા કીની જે, યહાંકે મંદિરમે સીડીપેં જયદેવ સ્વામીકી અષ્ટપદી હોયવેસું શ્રીવલ્લભાચાર્યજી ભગવદ્ નામપેં ચરણ નહિ ધરવેસું વહાંકે શ્રીઠાકુરજી પધારકે આપકું અપને મંદિરમેં ઉપર પધરાય ગયે, ઓર આપકુ સંગ બેઠાય ભોજન કીયો, ઓર વા મંદિરકી છત નીચે, એક છાવકી (ગરોળી) હે વાકો જે કોઈ સ્પર્શ કરે વાકું ઓર છાવકી છીયેકો દોષ નહિ લગત એસી ભગવદ્ આજ્ઞા હે.

૮. એક સમય શ્રીમુખે આગ્યા કીની જે, વૈષ્ણવકે માથે ગુરૂ જે સેવા પધરાય દેતહે વે સેવામેં તેજ ગુરૂકો આવિર્ભાવ જાનકે સેવા કરની, એ માર્ગોકત આગ્યા કીની.

૯. એક સમય મદ્રાસ પ્રદેશમેં આપ ગંગાદશમીપેં વહાંકે શેઠકી ધર્મશાળામેં બિરાજત હતે. તબ વહાં દો વૈષ્ણવ ગુજરાતસું આય પહોચ્યે, વે ચાર ચાર દિનકે ભુખે હતે, તબ આગ્યા કીની જે

પ્રસાદ લેવે બેઠ જાઓ, તબ વૈષ્ણવ સ્વરૂપ નૈષ્ટિક હતે ઈનને વિનતી કીની જે રાજ આપ ભોજન કરો પાછે પ્રસાદ લેવે બેઠેંગે, તબ આપને વૈષ્ણવકો સુખ વિચારકે આગ્યા કીની જે, વૈષ્ણવકું આગ્યા મુજબ ચલનો ચાહીએ, તબ વૈષ્ણવ વિચારમેં પડ ગયે તબ આગ્યા કીની જે પ્રભુ ગિરિરાજ ઉઠાવંગે તુમસુ કંકર ઉઠેગો નાંહિ. આગ્યાકો પાલન કરનો એ સેવક ધર્મ હે. ઓર પ્રભુકો સુખ વિચારનો એ દાસ ધર્મ હે. એસે કીતનેક પ્રસંગસું સમજાયકે વાકું ભુખે જાનકે પ્રસાદ લેવે બેઠાયે.

૧૦. એક સમય આગ્યા કીની જે વૈષ્ણવકું દર્શન ચરણસ્પર્શ વિના પ્રસાદ લેનો ઉચીત નહિ, ઓર તીલક વિના સનમુખ દર્શનકું આવનો નહી. શ્રીપ્રભુ સનમુખ બગાસું નહી ખાનો, ઓર સનમુખ રહેકે આરસીમેં મુખ દેખ તીલક ન કરનો, ઓર સનમુખ બેઠ ભોજન ન કરનો; ઓર ગીલે કપડાસું શ્રીસનમુખ ન જાનો. એસી શિક્ષા દે વૈષ્ણવકુ સમજાયે.

૧૧. પ્રસંગોપાત કોઈ કોઈ સમયપેં આપશ્રીએ આગ્યા કીની જે વૈષ્ણવનકું કાહુ ભગવદીકી દેખાદેખી ન કરની; વૈષ્ણવતા બડી કઠીનતાસું હોય હે. ઓર સખડીઘર સદા સ્વચ્છ રાખનો; વાકી ટહેલ ભાવ વિજાતીસું ન કરાવની, ઓર વૈષ્ણવકું બહોત વિચારકે ચલનો આગેપાછેકો પરિણામ દેખકે ચલનો. એસે આગ્યા કરત હતે.

૧૨. એક સમય દક્ષીણ પ્રદેશમેં તીન ચાર વૈષ્ણવ મીલકે રસોઈ કરત હતે, ઈતનમેં આપશ્રી રસોઈ કરત કરત વૈષ્ણવકે ચોકાકે પાસ પધારે ઓર આગ્યા કીની જે, આજ તુમને કહા રસોઈ કીનીહે, તબ વૈષ્ણવે વિનતી કીની જે રાજ, ખીચડી ઓર બાટી, તબ આગ્યા કીની જે ખીચડી બાટીકો કહામેર, કેસે ભોગ ધરવેમેં સુજીતા (સુગમ) હોયગો; પ્રભુકું જે સામગ્રી કે સંગ જે સામગ્રી સોહાય એસે ધરની, આરોગાયવેમેં વાત્સલ્ય ચહીએ. અંગભંગ સામગ્રી ન ધરી જાય. વૈષ્ણવકું સાવધાનીસું પ્રભુ સુખાર્થ સામગ્રી તૈયાર કરકે અરોગાવની.

૧૩. એક સમય એક વૈષ્ણવે વિનતી કીની જે રાજ, આપકે અનન્ય અતરંગી નિકટવર્તી ભક્તોકે વિષે દોષ દીખવેમે આવત હે, સો કેસે સંભવે, તબ આગ્યા કીની જે વે દોષ નહી હે; પ્રભુકી ઇચ્છાહિકો કારણહે, એસે વૈષ્ણવમે સનમુખતાકે ગુણ આગે અનેક દોષકી કહાચલી “ अपिचेत्सुदुराचारो भजते मामनन्य भाक्, साधुरेव स मंतव्यः ” ઇતિ. યાતે વૈષ્ણવકુ કાહુકો દોષ ન દેખનો. અપનો દોષ દીખવેમેં આવે સો કૃપા સમજની.

૧૪. એક સમય દો તીન વૈષ્ણવ ઠાડે હતે તબ આગ્યા કીની જે, આધુનીક વર્તમાન સમયમેં દેખાદેખી વિષયબાત બહોત ચલ રહી હે. સો એસે તુમ મત ચલીઓ. ઓર સમસ્ત વૈષ્ણવકું એહી આગ્યા હે, ઓર જે કોઈ ચલતહે વાકે હાથકો ખાનપાન તુમ મત કરીઓ. એસી આગ્યા કરકે શ્રીહસ્તસું પત્ર વા વૈષ્ણવકુ લીખ દીયો.

૧૫. એક સમય આગ્યા કીની જે, વૈષ્ણવકું ન્યાયકે પેંડે ચલનો, ઓર જ્યાં ત્યાં વિના વિચારે મન લગાવનો નહિ. એક પ્રભુ સિવાય ઓરમેં મન લગાયવેસું અનર્થ હોયહે. પતિવ્રત ધર્મસું નષ્ટ હોતહે. ઓર અનન્ય ધર્મકો પોષણ કરનો.

૧૬. એક સમય આપશ્રીએ આગ્યા કીની જે, લગની બૂરી ચીજ હે, વે બાત પર કહી, જે સ્ત્રીકો વિશ્વાસ નહિ કરનો, પતિમાર સતી હોય એસી આગ્યા કરકે, એક દૃષ્ટાંત કહે કે, સબ વૈષ્ણવકુ સમજાયે, ઓર આગ્યા કીની જે, રાંડગાંડકો કાંઈ ભરૂસો, વા સમયકો લટકો વચનામૃતકી માધુર્યતાકો સુખ અનિર્વચનીય હતો.

૧૭. એક સમય આપ શ્રીગોકુલમેં દોઢીપાસ તખત પર (પાટ પર) ગાદી તકીયા પેં બિરાજત હતે; તબ એક વૈષ્ણવ પંખો કરત હતે; તબ એક ભકત નિજ મંદિરસું આયે, ઓર નિકટ સમાજ ગુણીજન સર્વ બેઠે હતે, તબ વે ભકતકુ આગ્યા કીની જે વૈષ્ણવ પંખો કરત હે વે પરદેશતે અબી આયો હે વે ભૂખ્યો હે વાકું પ્રસાદ લેવાઈયો. તબ વે ભકતને કહી રાજ પ્રસાદ તૈયાર હે,

તબ આગ્યા કીની જે ભૂખેકુ ભોજન દેના ચાહીયે.

૧૮. એક સમય આગ્યા કીની જે વર્તમાન સમય મેં જુઠ વિના બાત નહિ હે, યાતે વૈષ્ણવ હોય જુઠ નહિ બોલનો. ઓર સ્વાર્થીક ઉદર પોષણાર્થ ન ચાલે બોલનો પડે તો જેસે આટેમેં લોંન, કયોં જે ઉદર ભરનો સાહસ તે હોત હે, જીતનો સુખ સત્ય બોલવેમેં હે એસો જુઠમેં નહિ હે. યાતેં જુઠ બોલનો અનુચિત હે. પ્રતિતિ ઘટે સબ પ્રકારકે અનર્થ હે.

૧૯. એક સમય ગુજરાતકે પ્રદેશમેં વાડાસીનોર ગામમેં ૭ સાત વૈષ્ણવ પ્રસાદ લેવે બેઠે હતે, તબ આપકો અધરામૃત મુખીયાજી લેકે પીરસવે લગે, તબ સબને લીયો, એકને ન લીયો, તબ મુખીયાજી ઓર પાસકે વૈષ્ણવો ઠાડે હતે, ઇનકું બુરી લગી, જે અધરામૃતકો અનાદર કીયો; પાછેં સબ મીલકે આપકું વિનતી કીની જે રાજ, ફલાણે વૈષ્ણવને આપ કે અધરામૃતકો અનાદર કીયો; તબ આપશ્રીયે આગ્યા કીની જે જુઠન હરકોઈ કે હાથકી લેવેકે રીત નહિ હે; જબ હમ ઇનકું ધરત હે તબ વે લેત હે. તબ વે ચુપ હોય રહે.

૨૦. એક સમય આપ ગુજરાતમેં વાડાસીનોર છડી સવારી અકેલે પધારે હતે, વાહી સમય ખવાસ સંગ હતો ઓર કોઈ માણસ આયે નહિ હતે; તબ આપને અપને મંદિરમેં અપને હાથસું રસોઈકી સામગ્રી સિદ્ધ કરે, પાછે ખવાસકું આગ્યા કીની જે, હમેરો પુસ્તક નિત્ય નિયમકે બસ્તામેં હે, સો પધરાઈયો; તબ ખવાસને વિનતી કીની જે રાજ કોનસો પુસ્તક પધરાવું, તબ આગ્યા કીની જે ભોગ ધરવેકો, પાછેં ખવાસને બસ્તા લાય દીયો, પાછેં આપશ્રીને નિકાર લીયો; પાછેં સમય પાયકે વિનતી કીની જે, રાજ યહાં કે મંદિરમેં રાજભોગ ભયે નહિ હતે; ઓર શ્રીઠાકુરજીકુ ભોગ ન ધર્યો, ઓર પુસ્તકજીકું ભોગ સમર્પ્યો યાકો કારણ કૃપા કરકે સમજાઈએ. તબ આપને આગ્યા કીની જે હમ જબ યહાં પધારે હે તબ વે

સેવ્યસ્વરૂપકું અભ્યંગ સ્નાન કરાય, સેવા સિંગાર પ્રથમ દિન કરકે ભોગ ધરત હે; ઓર આજ હમને સ્નાન કરાયે નહિ, યાસું પુસ્તકજીકું ભોગ સમર્પ્યો. તબ ખવાસને ફેર વિનતી કીની રાજ સમજ્યો નહિ. તબ આગ્યા કીની જે જેસે સેવા કરનહાર કે ભાવાનુસાર સ્વરૂપ બિરાજત હે, એ પ્રસંગ પર કીતનેક દ્રષ્ટાંત દેકે સ્વરૂપ નિરૂપન કીયો. સો વે વચનામૃત અતિ ગૂઢ રહસ્ય પ્રભુ કૃપા કરકે જનાવે તબ જાન્યો જાય. પ્રભુ કૃપા વિના સમજાય નહિ, અનન્ય ભકિત સિવાય કૃપા દુર્લભ—“ ये यथा मां प्रपध्यंते तां स्तथैव भजाम्यहम् ” એસે ભગવદ્ આગ્યા પ્રતિપાદન કરકે સમજાયે.

૨૧. એક સમય આપકું વિનતી કીની જે રાજ, યા ગામ મેં મુખીયાજીકો અસૌકર્યતા હોવેસું બાઈ સેવામેં નહાતહે જબ વાકુ અડચન આવત હે તબ શ્રીકું શ્રમ હોત હે તબ આગ્યા કીની જે યહાંકે મરજાદી વૈષ્ણવકુ પંચવારેકી રજા લે ન્હવાયકે અડચણ મેં સેવા કરાવની.

૨૨. એક સમય આપ ગુજરાત બિરાજત હતે તબ વા ગામમેં કોઈ મર ગયો, તબ વાકે પાછેં સમશાનમેં બહોત માણસ સંગ ગયે, પાછેં વહાંસું આયકે એક વૈષ્ણવને આપકુ વિનતી કીની જે રાજ, મુડદા પીછેં સમશાન જાયવેસું સુતક લગત હોયગો ? તબ આગ્યા કીની જે મુડદાકું છુવે વાકુ તારા સુતક લગે, ઓર સંગ સેંકડો મનુષ્ય જાય વાકું સ્નાન માત્રતેં શુદ્ધિ હે. યહ આગ્યા કર વાકું પ્રસાદ લેવેકી આગ્યા દીની.

૨૩. એક સમય શ્રીગોકુલમેં એક વૈષ્ણવ રહત હતે. વાકી ભોજાઈ દેશમેં મર જાનેસે વાકુ સુતક લગ્યો, પાછે વાનેં સુતક પુરો ભયે મુછ મૂડન કરાય કે શ્રીકે સનમુખ દર્શનકુ આય ઠાડો ભયો, તબ આપ વાકું દેખકે આગ્યા કીની જે, કોનકી મુછ મુડાઈ હે, તબ વાનેં સબ વૃતાંત કહે, તબ આપ વાકે પર ગુસ્સે હોય આગ્યા કીની જે, કોનકું પુછકે મુછ મુડાઈ હે, તેરો મુખ મત દીખાવ, તબ

વા વૈષ્ણવને વિનતી કીની જે રાજ, મુછ ન મુડાઉં તો મંદિર મેં પેસવા ન દે. યા ડરસું મુડાઈ હે, તબ આગ્યા કીની જે, વડીલની માબાપકી મુછ દેની, વહુ છોરાનકું દેવેકી રીત નાંહિ, પાછેં વા વૈષ્ણવને મુછકે ઠેકાણે કાજર લગાય કે સનમુખ આયે ઠાડો રહ્યો તબ ખૂબ મુસકાયે—

